• **You can know about Shree Mahatmaji & Shree Maa from Website "SWARGAROHAN.ORG"**

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| જીવનનું સારથિ પદ | શ્રી યોગેશ્વરજી | ૩ |
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૭ |
| સભાન શાશ્વતી | તરલા દેસાઇ | ૧૪ |
| સમંદરને પેલે પાર | મા સર્વેશ્વરી | ૨૪ |
| અવધૂત શ્રી ગજાનન સમર્થ | દક્ષા નિરંજન પરમાર | ૩૨ |
| Pipe Dream Becomes a reality | Bindiya Bhakta | ૩૭ |
| પૂ. માને લીધે સેવાનું સ્વપ્ન સાકાર થયું. | તંત્રી | ૪૦ |
| એક સાચા તપસ્વી સંન્યાસી | ભાણદેવજી | ૪૩ |
| સદ્ભાવના | ડૉ. કાલીદાસ પ્રજાપતિ | ૫૬ |
| નેત્રયજ્ઞ, અનાજ વિતરણ અને વસ્ત્ર વિતરણના સેવાયજ્ઞો | રાજુભાઇ—નારાયણ જાની | ૫૯ |


## ભક્તિસુધા

ભક્તિસુધાના પાનથી, છાક્યા જે સંસાર;
એવા અનન્યભક્તના, આવા શુભ ઉદ્ગાર. ૩૩
"ક્યારે મુજ મન પ્રેમથી, કરશે પ્રભુનું ધ્યાન?
દુર્ધ્યાનો ત્યજી પ્રભુ વિષે, થશે કદા એકતાન? ૩૪
કદા ગિરા પ્રભુસ્મરણમાં, થઇ રે'શે એકતાર?
બીજું બકવું મૂકશે? ગણીને સર્વ અસાર. ૩૫
મહિમા સમજી પ્રભુતણો, સમરણ ક્યારે થાય?
અન્ય બોલવું નવ ગમે, જપમાં પ્રેમ જણાય. ૩૬

**—મહારાજશ્રી નથુરામશર્મા**

# જીવનનું સારથિ પદ

શ્રી યોગેશ્વરજી

સાતસો જેટલા શ્લોકોના સંગ્રહરૂપ આટલી બધી મોટી, વિશાળ ને વિખ્યાત શ્રીમદ્ ભગવદ્ગીતાનો મહત્ત્વનો મૂળ-ભૂતસંદેશ ક્યાં સમાયેલો છે તે જાણો છો? એના છેલ્લા શ્લોકમાં. એ શ્લોકનો સાર આ પ્રમાણે છે : જ્યાં યોગેશ્વર ભગવાન શ્રીકૃષ્ણ છે અને એમની સાથે ધનુર્ધર અર્જુન છે, ત્યાં સંપત્તિ આવી મળે છે, વિજય મળે છે, સમૃદ્ધિ સાંપડે છે, અને નીતિ પણ ત્યાંજ, એમની સાથે જ રહે છે.

કેટલીયવાર એ શ્લોક વાંચ્યો હશે, ગોખ્યો કે કંઠસ્થ કર્યો હશે, પણ એમાં જીવનને પ્રેરણા આપનારી સંજીવનશક્તિ ભરી છે એવો ખ્યાલ ભાગ્યે જ આવ્યો હશે. પરંતુ એ શ્લોકમાં આપણે ધારીએ કે માનીએ છીએ તેના કરતાં ઘણો મોટો સંદેશ સમાયેલો છે. કેવી રીતે તે કહી બતાવું?

અર્જુને ભગવાન શ્રીકૃષ્ણને પોતાના રથના સારથિ કર્યા, પોતાના રથની લગામ એમના હાથમાં સોંપી, અને એમની સલાહ સૂચના પ્રમાણે પગલાં ભર્યાં, તો પરિણામે એને યશની પ્રાપ્તિ થઈ, વિજય મળ્યો, ને હસ્તિનાપુરનું ખોવાયેલું રાજ્ય પણ મળી ગયું. એ પુરુષાર્થી થયો અને શ્રીકૃષ્ણના માર્ગદર્શન પ્રમાણે ચાલ્યો, તો એનું સર્વપ્રકારે શ્રેય થયું. એવી રીતે આપણે પણ જો પુરુષાર્થપરાયણ બનીને અને આપણા હૃદયમાં રહેનારા ઈશ્વરનો આધાર લઈએ તો આપણું કામ સહેલું બને. કુરુક્ષેત્રમાં શરુ થયેલો મહાભારતનો ભીષણ



સંગ્રામ ક્યારનોય પૂરો થયો છે. એનું નામનિશાન નથી રહ્યું. પરંતુ જીવનનો જટિલ સંગ્રામ હજી ચાલું જ છે. મનુષ્યનું મન કુરુક્ષેત્રના યુદ્ધમેદાન જેવું બની ગયું છે. એમાં કૌરવ ને પાંડવે પડાવ નાખ્યો છે અથવા તો દૈવી અને આસુરી સંપત્તિએ મોરચો માંડ્યો છે. સારી ને નરસી વૃત્તિઓ, સારા ને નરસા વિચારો તથા ભાવોનું યુદ્ધ ત્યાં ચાલ્યા જ કરે છે. કેટલીક વાર સારી વૃત્તિઓ વિજય મેળવે છે તો કેટલીક વાર ખરાબ વૃત્તિઓ, કેટલીક વાર શુભ ભાવો સફળ થાય છે તો કેટલીક વાર અશુભ ભાવો. અને કેટલીક વાર મંગલ વિચારોનો, ન્યાય ને નીતિનાં તત્ત્વોનો વિજય થતો દેખાય છે તો કેટલીક વાર અમંગલ વિચારોનો, અન્યાય અને અનીતિનો. મનુષ્યના મનની ધરતીપર ચાલનારું એ યુદ્ધ અનંતકાળતી ચાલ્યા જ કરે છે. એમાં માણસ કોનો પક્ષ લે છે—કૌરવોનો કે પાંડવોનો, એટલે કે શુભનો કે અશુભનો અથવા તો નીતિનો કે અનીતિનો, ન્યાયનો કે અન્યાયનો, અને ધર્મનો કે અધર્મનો—એ મુદ્દો ખાસ અગત્યનો છે અને અગત્યનો ભાગ ભજવે છે.

ન્યાય, નીતિ કે ધર્મનો પક્ષ લઈને અન્યાય, અનીતિ અથવા અધર્મનો સામનો કરવામાં આવે અથવા તો એમની સામે ઝઝુમવા માટે પ્રવૃત્ત થવાય એ પણ એટલું જ અગત્યનું છે. દૈવી અને આસુરી સંપત્તિ વચ્ચેના એ સંગ્રામમાં સફળ થવા માટે બધા પ્રકારની કાયરતા તથા ભીતિનો ત્યાગ કરીને માણસે પ્રયાસ કરવાનો છે; અને જ્યાં સુધી સંપૂર્ણ સફળતા ના મળે ત્યાં સુધી ધીરજ, હિંમત તેમજ વિશ્વાસપૂર્વક પોતાના પ્રયાસને વળગી રહેવાનું છે.

એક બીજી વાત પણ યાદ રાખવા જેવી છે. જીવનના આ

જટિલ જંગમાં તમારા રથનું સારથિપદ તમે કોને સોંપો છો અથવા તમારા સુકાની કોને બનાવો છો તથા તમારા રથની લગામ કોના હાથમાં સુપ્રત કરો છો—દુર્યોધનના હાથમાં કે તમારા અંતરના અંતરતમમાં રહેલા શ્રીકૃષ્ણના હાથમાં, તે પણ ખૂબ જ મહત્ત્વનું છે. તમારા જીવન પર એની અસર ઘણી મોટી થવાની. જો તમે દુર્યોધનની દોરવણી પ્રમાણે ચાલતા હશો તો ખેદાનમેદાન થઇ જશો એમાં શંકા નથી. પરંતુ જો તમારા જીવનના એકમાત્ર પ્રેરક ને પથપ્રદર્શક કે સંચાલક તરીકે તમે ભગવાન શ્રીકૃષ્ણને એટલે કે પરમાત્માને પસંદ કર્યા હશે, ને તેમની ઇચ્છા તથા યોજના ને દોરવણી પ્રમાણે ચાલતા હશો, તો તમે સર્વ પ્રકારે સલામત બની જશો, સફળ થશો, ને પાર ઊતરશો. એટલે અર્જુનની જેમ નમ્ર, નિખાલસ અને સરળ બનીને જીવનની સુખ સમૃદ્ધિ, ઉન્નતિ ને સફળતાને માટે ઈશ્વરનો આધાર લો એ આવશ્યક છે. ઈશ્વર વિના કોઈનેય તમારા દિલમાં સ્થાન ન આપો, કોઈની અંદર મમતા કે આસક્તિ ના કરો, અને કોઈને ય તમારા જીવનનું સારથિપદ ના સોંપો. એટલું કરશો તો જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ, સંપત્તિ તેમજ સફળતાનો દસ્તાવેજ લખાવી લેશો. તમારું કામ ઘણું સરળ બની જશે.

એ મહાન ને સનાતન સંદેશનો પડઘો ગીતાના એ છેવટના શ્લોકમાં પડી રહ્યો છે. ગીતાના હૃદયને જોવું હોય તો નવમા અધ્યાયના છેવટના શ્લોકમાં જોઇ શકાય છે. પરંતુ જો એના સંદેશને બેથી ત્રણ શબ્દોમાં જ સાંભળવો ને યાદ રાખવો હોય તો '**मामनुस्मर युद्ध च**' માં સાંભળી ને યાદ રાખી શકાય છે. ભગવાન શ્રીકૃષ્ણ અર્જુનને અને એને



નિમિત્ત બનાવીને પ્રત્યેક વ્યક્તિને કહે છે કે મારું સતત સ્નેહપૂર્વકનું, સાચા દિલથી સ્મરણ કરો ને યુદ્ધ કરો એટલે કે તમારે ફાળે જે આવ્યાં છે કે આવે તે જરૂરી કર્તવ્ય કરો. કર્તવ્યમાં ડૂબી જઇને ઈશ્વરને અથવા તો જીવનના મૂળભૂત ધ્યેયને ભૂલી જવાનો સંદેશ એ શબ્દોમાંથી નથી મળતો, તો કેવળ ઈશ્વરપરાયણ થઇને જીવનમાં બીજાં જરૂરી કર્તવ્યોનો અનાદર કરવાનો મંત્ર પણ નથી જડતો : જીવનને ઈશ્વરમય કરવાની સાથેસાથે પુરુષાર્થમાં પ્રવૃત્ત થવાનો પાઠ એ પૂરો પાડે છે. બીજીરીતે કહીએ તો જીવનમાં શ્રીકૃષ્ણ ને અર્જુન બંનેનો સુયોગ કરવાનું કહી બતાવે છે. આદર્શ જીવનને માટે એવો સુયોગ આવશ્યક છે.

અપ્રાપ્ત વસ્તુની ઇચ્છાને કામના કહે છે. જીવનનિર્વાહ માટે પ્રાપ્ત કે અપ્રાપ્ત વસ્તુઓ વગેરેની જે જરૂર જણાય છે તેને સ્પૃહા કહે છે. સ્થિતપ્રજ્ઞ પુરુષ સ્પૃહાનો પણ ત્યાગ કરી દે છે કારણ કે જેના માટે આ શરીર મળ્યું હતું તે તત્ત્વની પ્રાપ્તિ થઇ ગઇ, પછી શરીર રહે કે ન રહે, તે બાબતમાં તે બેપરવા રહે છે.

**— યોગેશ્વરજી**

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**
**—મા સર્વેશ્વરી**

વર્ષ : ૩૦ જાન્યુઆરી : ૨૦૦૮ અંક ૪

# શ્રી યોગેશ્વર કથામૃત

**—મા સર્વેશ્વરી**

**તા. ૪–૧–૮૨ સોમવાર, પોષ સુદ નોમ,**
**વિ. સં. ૨૦૩૮, સ્થળ : નોર્થ બરગન, અમેરિકા.**

આજે ગઇકાલ જેવો જ ક્રમ રહ્યો. સવારે નિયમિત જપલેખન ભોજન પણ સમયસર લઇ લેવાનું બન્યું. મુલાકાતના સમયમાં ખાસ કોઇ ચર્ચા થઇ ન હતી, જેથી નોંધ ન થઇ.

સાંજે સમયસર પ્રવચન થયું. આજે પ્રવચનમાં પૂ. શ્રીએ ખૂબ રમૂજ પીરસી.

આજકાલ પૂ. શ્રી આખીયે રાત આંટા મારી જપ કરતા પસાર કરે છે. પૂ. શ્રીએ કહ્યું દેવપ્રયાગમાં જેમ નિદ્રા ઉપર વિજય હતો એ જીવન આજકાલ ચાલી રહ્યું છે.



સર્વેશ્વરી પૂછે છે કે રામકૃષ્ણદેવ, જ્ઞાનેશ્વર, સાંઇબાબા વગેરે. મને ક્યારે દર્શન આપશે? પૂ. શ્રી જવાબમાં કહે છે આ (પોતાના તરફ આંગળી બતાવી) થઇ રહ્યું છે તે દર્શન ઓછું છે? સાથે રહેવાનું મળે છે. એ ઓછું સદ્‌ભાગ્ય છે? સંતોના દર્શન કરવાની ઇચ્છા છે તો તે તે સ્વરૂપને યાદ કરી પ્રાર્થના વધારે કરવી. જેથી તે પ્રાર્થનાના પડઘા પડશે.

સર્વેશ્વરી : એ સંતોમાં સૌથી પ્રથમ કોણ દર્શન આપે— એટલે કે જલ્દી કોણ પ્રસન્ન થાય!

પૂ. શ્રી : સાંઇબાબા.

પૂ. શ્રીને સાંઇબાબા ઉપર વિશેષ પ્રેમ છે તેથી તેમને વારંવાર સાંઇબાબાએ દર્શન આપ્યાં છે, વાતો કરી છે.

સાંજે પ્રવચન પછી પૂ. શ્રી બટાકાપૌઆનો હળવો નાસ્તો લે છે. અહીં આવ્યા પછી પૂ. શ્રીને દરરોજ બટાકાપૌઆ જ ભાવ્યા છે પરિણામે દરરોજ જ સાંજે પૂ. શ્રીને પૂછવામાં આવે કે સાંજે આપ શું લેશો? તો પૂ. શ્રી બટાકાપૌઆ જ કહે છે. જેથી તા. ૨૮ થી એ જ કાર્યક્રમ રહે છે.

બટાકાપૌઆ લઇ થોડું દૂધ પીએ છે. પછી આરામ કરે છે. આરામ શબ્દ પાછળ ઊંઘ નહીં, પણ દિવસની બાહ્ય પ્રવૃત્તિમાંથી દેખાતી નિવૃત્તિ શરૂ થાય છે.

**તા. ૫–૧–૮૨ મંગળવાર, પોષ સુદ દશમ,**
**વિ. સં. ૨૦૩૮, સ્થળ : નોર્થ બરગન, અમેરિકા.**

સવારે પૂ. શ્રી નિયમિત રીતે પોતાનો ક્રમ જાળવે છે આજે મગભાતનું ભોજન ૧૨॥ વાગે લઇ લેવામાં આવે છે. ત્યાર પછી ૧ વાગે આજે ન્યુયોર્ક શહેરમાં આંટો મારવા જવા માટે ગાડીમાં બેઠા. પાછલી સીટ ઉપર એક સુંદર ચાદર પૂ.

શ્રી માટે ખાસ પાથરવામાં આવે છે. પૂ. શ્રી બેઠા છે.

આ નોર્થ બરગન નામનું શહેર છે તે ન્યુજરસી રાજ્યમાં આવેલું છે. નોર્થ બરગનમાં શ્રી વિનોદભાઇના ઘરની પાસેથી જ એક બીજું શહેર શરૂ થઇ જાય છે. ઉત્તર તરફ ન્યુયોર્ક શહેર આવેલું છે. ન્યુયોર્ક રાજ્ય પણ છે. ન્યુયોર્ક શહેર પાંચ વિભાગમાં વહેંચાયેલું છે. ન્યુયોર્ક જતાં હડસન નદી ને ઇસ્ટ રીવર બે નદીઓ આવે છે. વળી એ નદીઓ દરિયાને એટલાન્ટીક મહાસાગરને મળે છે.

આજે ન્યુયોર્ક શહેરના બે વિભાગ જોયા, જેમાં ૧૦૨ માળનું એમ્પાયર સ્ટેટ બિલ્ડીંગ, ૧૧૦ માળના બે સાથે મકાનો પણ જોયાં.

૧૧૦ માળના મકાનમાં નીચે ૭ માળ ભોંયરામાં પણ છે. જેમાં ભૂગર્ભ રેલ્વે પણ શરૂ થાય છે.

વળી રોકફલેર નામના ધનાઢ્ય વ્યક્તિનું સ્મારક ને તેના મકાનોનું નિરીક્ષણ ગાડીમાં બેઠાં બેઠાં કરી લીધું.

સેન્ટ થોમસ ચર્ચ જે ખૂબ જાણીતું છે, જ્યાં દેશના મહાન નેતાઓના મૃત્યુ પછી તેમને એ ચર્ચમાં લાવવામાં આવે છે.

પૈસાપાત્ર લોકોનો વિસ્તાર જોવા મળ્યો જ્યાં ફૂટપાથ ઉપરથી એપાર્ટમેન્ટમાં જવાના વિવિધ તંબુ જેવા માર્ગો જોવા મળ્યા.

નીગ્રો અમેરિકાની મૂળ પ્રજાનો એક આઇલેન્ડ છે, જે વચમાં પહેલા અમેરિકાએ ૨૫ ડોલરમાં ખરીદેલો જ્યાં આજે પણ નીગ્રો પ્રજા જ રહે છે.

કાચના મોટા મોટા મકાનોથી શોભતું ન્યુયોર્ક જાણે મુંબઇની યાદ અપાવે તેવું છે.



યુનોની જ્યાં બેઠક બેસે છે, તે યુનોનું સ્થાન પણ જોયું. ખૂબ મોટું મકાન જેની બહાર જુદા જુદા દેશોના ધ્વજો ફરકતા જોયા.

ન્યુયોર્કથી ન્યુજરસી આવતાં વચ્ચે હડસન નદી આવે. તે નદીની નીચેથી ૩ જેટલી ટનલ જાય છે. જેમાંથી ૧૦, ૧૨ ગાડીઓ એક સાથે પસાર થાય. વળી નદી ઉપર મોટો પૂલ છે જેના ઉપરથી પણ છ ગાડીઓ પસાર થઇને ન્યુયોર્ક જવાય છે.

ન્યુયોર્ક જવા માટે દરિયાઇ માર્ગ પણ છે. જેમાં ફક્ત ૨૦ જ મિનિટમાં ન્યુયોર્ક જવાય છે. મોટી સ્ટીમર ફરે છે. જેમાં હજારોની સંખ્યામાં માણસો દરરોજ અવર–જવર કરે છે. જેને ફેરી કહેવાય છે. એમાં વ્યક્તિ દીઠ ૨૫ સેન્ટ હોય છે. અમે પણ એમાં ગાડી મૂકીને બેઠાં. મોટી સ્ટીમર એક મોટા બંગલા જેવી જેમાં નીચે ૨૫ જેટલી ગાડીઓ રહે વળી ઉપર બે માળે જેમાં ત્રણેક હજાર માણસો બેસે. એવી સીટો હતી. બધી જ સીટ ભરાયેલી હતી. બહાર ઉપર કઠેરા પાસે ખુલ્લી જગ્યા ત્યાં પણ બાકડા હતા. ખૂબ જ મોટી સ્ટીમરમાં અમે પણ ૨૦ મિનિટ મુસાફરી કરી, એટલાન્ટીક મહાસાગરમાંથી અમે પસાર થયાં. એ મહાસાગરમાં એક નાનકડો આઇલેન્ડ છે જેના ઉપર સ્વતંત્રતાની દેવીનું ભવ્ય પૂતળું જોવા મળે છે. તે પૂતળાના હાથમાં મશાલ છે. તો મશાલ સુધી મુલાકાતીઓ અંદર દાદરથી જઇ શકે છે.

ન્યુયોર્ક શહેર જોવા મળ્યું. ન્યુયોર્કના ત્રણ એરપોર્ટ (૧) કેનેડો એરપોર્ટ. (૨) લઘવાડીયા એરપોર્ટ. (૩) ન્યુયોર્ક એરપોર્ટ, ત્રણે એરપોર્ટ ઉપરથી અમે વિમાનમાં બેઠાં હતાં.

આજે બપોરે ૧ થી ૬ સુધી ન્યુયોર્ક શહેર જોવામાં સમય પસાર થઇ ગયો.

૬–૩૦ થી ૭–૧૫ ધ્યાનની બેઠક થઇ. વળી ૭–૩૦ થી ૯ સુધી સત્સંગ શરૂ થયો. જેમાં પ્રવચનને બદલે પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ રહ્યો. તેમાં નીચેના પ્રશ્નો પૂછાયા.

પ્રશ્ન : પ્રભુનું દર્શન કેટલા સમય માટે થાય છે?

પૂ. શ્રી : એ તો ભગવાનની ઈચ્છા ઉપર આધાર. દર્શન આપવાં કે નહીં તે પણ ભગવાનની ઈચ્છા ઉપર આધાર. ભક્તનો ભક્તિભાવ વધારે હોય તો ભગવાન એ ભાવના લક્ષમાં લે. ઘણા ભક્તો એક જ વાર ભગવાનના દર્શન થાય તો પૂરતું છે એમ માને, તો તેમ થાય. વળી કોઇ ભક્તની ઈચ્છા ભગવાનના સતત દર્શન થાય એવી હોય તો તેમ પણ થાય. વળી કોઇ ભક્તની ભાવના દર્શન ને વાત થાય એવી હોય તો વળી તેમ પણ થાય. જેવી ભક્તની ભાવના ને ભગવાનની જેવી ઈચ્છા તેવા અને તેટલાં દર્શન થાય.

જે જીવોનાં પુણ્ય, સંસ્કારો બળવાન હોય તે જ દર્શનની પણ ઈચ્છા કરે છે. મોટે ભાગે સંસારીઓ ભગવાન સિવાય જ બીજું બધું ઈચ્છે ને માગે છે.

ભક્તિ કરે ને પ્રેમ વધે તો દર્શન થાય પણ ભગવાન કેટલાંને જોઇએ છે, ન્યુયોર્કમાં ઘેર ઘેર ફરીને પૂછો તો ભગવાન કોઇ એકાદને મળે એવી ઈચ્છાવાળા માનવ મળે? બધાને મોટે ભાગે ભગવાન વિના ચાલે જ છે, જરૂર જ નથી તે એમનું અજ્ઞાન છે.

તેઓ સમજતા નથી કે ભગવાન વિના તેઓ પથારીમાંથી પણ ઊઠી શકતા નથી. તેમને ઊઠાડનારી, ચલાવનારી,



બોલાવનારી શક્તિ તો ભગવાનની છે. પણ એવું સમજનારા બહુ ઓછા છે.

પ્રશ્ન : આપને કયી ઉંમરે પ્રભુમાર્ગે જવાની પ્રેરણા પ્રાપ્ત થઇ?

પૂ. શ્રી : અમે તો પૂર્વે પણ સંત જન્મ જ હતો. તેનું અનુસંધાન ચાલુ જ હતું. પરિણામે નવ વરસના હતા ત્યારથી રુદ્રી મોઢે હતી. ૧૪ વરસે યોગની બુદ્ધિ પ્રગટી. વળી ભણવા મુંબઇ ગયા તો ભણીએ ને ગીતાપાઠ કરીએ. ભણીએ ને ધ્યાન કરીએ. ભણીએ ને મહાપુરુષોના જીવનચરિત્રો વાંચીએ. ભણીએ ને આસનો કરીએ, અઠવાડીયે સોમ ને ગુરુ મૌન રાખીએ. ભણીએ ને રાત્રે ૧૨ થી ૩ ધ્યાનમાં બેસીએ, ભણીએ ને ઠંડા પાણીએ સ્નાન કરીએ. શેતરંજી ઉપર સૂઇ જઇએ.

એમ કરતાં કરતાં સ્વપ્નમાં સર્પદર્શન થયું તેમાંથી ભગવાન કૃષ્ણનું સ્વરૂપ દર્શન થયું. પછી યોગી થવાનું નક્કી કર્યું. ન પરણવાનો મક્કમ નિર્ણય.

પ્રશ્નોત્તરીમાં શુક્લજી તથા શ્રી ઈશ્વરભાઇ ભક્ત–ઝાંબીયાવાળાની વાત પણ પૂ. શ્રીએ વિગતવાર કહી સંભળાવી.

સત્સંગ પૂરો થયા બાદ પૂ. શ્રીએ પૌઆ બટાકાનો નાસ્તો ને દૂધ લઇ આરામ કર્યો.

અમેરિકામાં મફત શિક્ષણ નથી તો મફત દવા પણ નથી. દરેક સ્કૂલ એક ગાર્ડ રોકે છે. જે વૃદ્ધ મહિલા જ હોય છે તે બાળકોને રિસેસ દરમ્યાન, સવારે શાળા ચાલુ થાય ને શાળા બંધ થાય તે દરમ્યાન રસ્તો પસાર કરાવે છે, જેથી બાળકોની

છે પ



સલામતી જળવાઇ રહે છે.

૧૪ વર્ષથી નાનાં બાળકો કેફી પીણાં ન પી શકે એવો નિયમ છે, વળી કેફી પીણાં પીને નોકરી પર કે ગાડી ઉપર ચલાવવા બેસી ન શકાય, એવું બને તો તેનું લાયસન્સ રદ ગણાય છે. ને નોકરીમાંથી છૂટા કરવામાં આવે છે.

હરિઃ ૐ. (ક્રમશઃ)

કામનાઓના કારણે જ સંસાર સાથે સંબંધ જોડાયેલો રહે છે.

આ શરીર હું જ છું—આવું શરીર સાથેનું તાદાત્મ્ય માનવું તે અહંકાર છે. —યોગેશ્વરજી

**આ દિવસો પણ ચાલ્યા જશે.**

**સ્થાપત્ય કન્સ્ટ્રક્શન**

**પ્રો. મનીષ હરિભાઇ ભોજાણી,**

**બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,**

મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઇલ્સ સામે,

**મોરબી**—૩૬૩૬૪૧.

ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.



**'શ્રી રમણ મહર્ષિ સાથેના વાર્તાલાપો'**

# 'સભાન શાશ્વતી'

સંપાદન : પૉલ બ્રન્ટન—વેંકટશમૈયા
અનુવાદ : પ્રો. તરલા દેસાઇ

## પ્રકરણ—૧૧ : યોગાતીત

ચમત્કારો, સિદ્ધિઓ, પ્રાપ્તિઓ આ બધું શું છે? તે આડ-માર્ગો છે. આત્મસાક્ષાત્કારી મનુષ્ય એમનાથી ઉપર હોય છે. મોટામાં મોટો ચમત્કાર આત્માનો સાક્ષાત્કાર કરવો તે છે. કેટલાક મનુષ્યો પોતાની દિવ્ય દૃષ્ટિથી અગાઉના સો જનમો વર્ણવે છે. પણ તેનો શો ઉપયોગ? એ પોતાને કે અન્યને આત્મા જાણવા માટે સહાયક છે? આ જિંદગીઓ શરીરના જન્મો સિવાય બીજું શું છે? સાચો જન્મ આત્મામાં છે. અત્યારે તમે ઇંગ્લેન્ડમાં હોત તો શું આના કરતાં વધારે સંપન્ન હોત ખરા? તમે સાક્ષાત્કારની વધારે નજીક જરાક પણ ન હોત.

સિદ્ધિઓ—દિવ્ય શક્તિઓથી પણ શો અર્થ સરવાનો? માની લો કે તમે આ બધી અદ્‌ભુત શક્તિઓ ધરાવો છો! તમે એક ઇચ્છા અનુભવો છો અને તેને પૂરી કરવા મથો છો અને જ્યારે નવી ઇચ્છા સંભવે છે ત્યારે તમારી શક્તિ અને ધ્યાન એનામાં લગાડી દો છો. એનું સીધું પરિણામ વિક્ષુબ્ધ ચિત્તમાં પેદા થતી કેવળ ચિંતા નથી? જો સુખ તમારું સાચું લક્ષ્ય અને ધ્યેય હોય તો છેવટે સિદ્ધિઓ તરફના વળાંકેથી પાછા ફરી સુખ કોણ ઝંખે છે એ પૂછીને તમારી જાતે શોધી કાઢવાનું છે.

કેટલાક જ્ઞાનીઓ અદૃશ્ય થઇ જવાની સિદ્ધિ પણ સાધી

શકે. તેઓ શિવની સમકક્ષ થઇ વરદાન પણ આપી શકે પણ આત્મસાક્ષાત્કારની તોલે કોઇ શક્તિ નથી. લોકો પોતાના જ્ઞાનના વિચારથી સંતુષ્ટ નથી હોતા અને સિદ્ધિઓ પણ ઝંખે છે. તેઓ કેવળ દેહને જ જુએ છે. તેઓ જ્ઞાનના પરમ સુખને અવગણે અને આડમાર્ગે જઇ શાહીમાર્ગ (ધોરીમાર્ગ)ને અનુસરવાને બદલે રસ્તા પર ખોવાઇ જાય એવી શક્યતા છે. જ્ઞાન સર્વસ્વ છે અને કોઇ જ્ઞાની દિવ્ય શક્તિઓ પર એનો કોઇ વિચાર વેડફશે નહિ.

મહર્ષિ માનસિક દૃશ્યો પરત્વેના પોતાના વલણમાં નિર્લિપ્ત રહે છે. જ્યારે તેમના શિષ્યોએ પોતાની સમક્ષ તેમની તેજોમય પ્રકાશસ્વરૂપે તસ્વીર પ્રગટ થયાનું જણાવ્યું ત્યારે મહર્ષિએ તેમને બધાં 'સ્વરૂપ' બાજુમાં પડતાં મૂકી યાદ રાખવા કહ્યું કે, આવું જોયેલું—દેખાયેલું નાશવંત છે. જેનો ઉદ્ભવ છે એનો નાશ નક્કી છે. કેવળ આત્માની પ્રેરણાત્મક સમજણ જ ગ્રહણ કરવાની છે.

★ ★ ★

એક ભક્તનો મથુરામાં ગયા ત્યારે કૃષ્ણનાં દર્શન થયાનો દાવો સાંભળી મહર્ષિએ પ્રતિભાવ આપ્યો કે, 'દ્રષ્ટા, દૃશ્ય તેમ જ દર્શન બધું એક જ છે, બધું તમારા આત્મામાં છે. બીજા કોઇએ તે જોયું નથી. એ તમારો પોતાનો તરંગ હતો અને છતાં એ પણ સાચું છે કે, તમે ખરેખર દર્શન કર્યા હતાં.'

પ્રશ્ન : ટેલિપથિ (મન મનનું સાક્ષી છે) જેવી દિવ્ય શક્તિઓ પ્રાપ્ત કરવી એ સારું નથી?

મહર્ષિ : દિવ્ય શક્તિઓ કેવળ મનના પ્રદેશમાં છે.



ટેલિપથિની વાત કરીએ તો પાસેથી સાંભળવું કે દૂરથી એ બેમાં શો ફેર છે? ગ્રહણ કરનાર સિવાય ટેલિપથિ ન હોઇ શકે અને દ્રષ્ટા વિના દૂરદર્શન ન હોય. એ જ વાત મહત્ત્વની છે. ટેલિપથિ અને રેડિયો બંને ઘણે દૂરથી જોવા અને સાંભળવા સમર્થ બનાવે છે. સાંભળવું અને જોવું સરખું છે. કોઇ ફેર પડતો નથી. પાયાનું તત્ત્વ સાંભળનાર, કર્તા છે. સાંભળનાર અને દ્રષ્ટા વિના શ્રવણ કે દર્શન હોઇ શકે નહિ. આ બંને મનનાં કાર્યો છે. દિવ્ય શક્તિઓ કેવળ મનની હોય છે, તે આત્માને સહજ નથી. જે સહજ નથી પણ મેળવેલી છે એ કાયમી હોઇ શકે નહિ અને તેને માટે મથવું યોગ્ય નથી.

જ્યારે કોઇ મર્યાદિત શક્તિવાળું હોય ત્યારે તે દુઃખી થાય છે અને (શક્તિ) વધારવા ચાહે છે, એવું વિચારીને કે આ રસ્તે એને સુખ મળશે. પણ ખરેખર એમ થાય છે ખરું? જો મર્યાદિત સમજણથી તે દુઃખી છે તો વિસ્તરેલ સમજણથી દુઃખના પ્રમાણમાં વધારો થવાનો. દિવ્ય શક્તિઓ કોઇને માટે સુખ લાવશે નહિ પણ ઉલટાની એને વધુ દુઃખી કરશે. છેવટે એ છે શેને માટે? પોતાના અહંકારની અન્ય લોકો પાસે પ્રશસ્તિ કરાવવા? પરમાત્મા, આત્મા એ સર્વશક્તિમાન છે એ જ શોધને મહત્તમપાત્ર છે. જે શાંતિમાં પરિણમે એ મહાનતમ શક્તિ છે.

[દાંડીપની સ્વામીએ એક આબેહૂબ સ્વપ્ન પોતાને આવ્યાનો ઉલ્લેખ કર્યો જેમાં મહર્ષિએ તેમને દર્શન આપ્યાં અને ચોક્કસ પ્રશ્નોના ઉત્તર આપ્યા. તો મહર્ષિએ કહ્યું, 'તમે આ ઉત્તરો જાણવા ઉત્સુક હતા અને તમારા પોતાના આત્માએ જ એ તમને પૂરા પાડ્યા. હું તમને મળ્યો હોઉં

એવો મને ખ્યાલ નથી.']

પ્રશ્ન : ધ્યાનમાં સુંદર રંગો હોય છે જે નિહાળવાનો બહુ આનંદ આવે છે. અમે એમાં ઈશ્વરનાં દર્શન કરી શકીએ છીએ.

મહર્ષિ : એ બધા માનસિક ખ્યાલો છે. ધ્યાનના સર્વ અનુભવો—પદાર્થો, સંવેદનાઓ કે વિચારો સર્વ કાંઈ કેવળ માનસિક ખ્યાલો છે.

પ્રશ્ન : નક્કર દશ્યોમાં અમે પરમાત્માને ન નિહાળી શકીએ?

મહર્ષિ : હા, નક્કર આકાર—સ્વરૂપ જોઈ શકાય પણ છતાંય એ ભક્તના મનમાં હોય છે. ઈશ્વર—પ્રાગટ્યનાં આકાર અને રૂપ ભક્તની માનસિકતાથી નિર્ણિત થાય છે અને તે અંતિમ નથી. એ સ્વપ્નદશ્ય જેવું છે. ઈશ્વર કળાયા પછી વિચાર આગળ વધે છે અને આત્મસાક્ષાત્કારમાં વિલય પામે છે. આત્મવિચાર છેવટની પદ્ધતિ છે.

પ્રશ્ન : પૉલ બ્રન્ટને તમને લંડનમાં જોયા ન હતા? કે તે કેવળ સ્વપ્ન હતું?

મહર્ષિ : હા તેમને દર્શન થયું હતું. તેમણે મને પોતાના મનમાં નિહાળ્યો હતો.

પ્રશ્ન : પણ તેમણે મૂર્તિમંત સ્વરૂપ ન હતું નિહાળ્યું?

મહર્ષિ : હા, પણ તે કેવળ તેમના મનમાં જ હતું.

[પૉલ બ્રન્ટનના 'અ સર્ચ ઈન સિક્રેટ ઈન્ડિયા'ના અંતિમ પ્રકરણમાં ઉલ્લેખાયેલા 'તેજોમય પ્રકાશ'ની અનુભૂતિનો ખુલાસો આપ્યો.]

એવું કહેવાય છે કે, યોગીઓ ખરેખર આત્મસાક્ષાત્કાર કરે તે પહેલાંની ક્રિયાઓ દરમ્યાન તેમને કેટલાક રંગો અને પ્રકાશોનો અનુભવ થાય છે. પહેલાં (જ્યારે, પાર્વતીએ તેમણે પરમાત્માને મેળવવા તપશ્ચર્યા કરી (ત્યારે) તેમણે ચોક્કસ પ્રકાશ જોયા. એ સર્વ તેણે પોતાની ઇન્દ્રિયોથી જોયા—અનુભવ્યા તેથી તેમણે તારણ કાઢ્યું કે, આ પ્રકાશ પણ શાશ્વતી ધરાવતો નથી. પછી આકરી તપશ્ચર્યા પછી તેમને શાંતિ પ્રાપ્ત કરી અને તારવ્યું કે આત્મા શાશ્વત છે. પદાર્થોનું અસ્તિત્વ પ્રકાશદ્વારા જ જોઈ શકાય છે. તો પછી પ્રકાશદ્વારા આત્માનો સાક્ષાત્કાર મનુષ્યને થાય છે એમ કહેવામાં ખોટું શું છે? આત્મસાક્ષાત્કારનું જ્ઞાન તે પ્રકાશ છે. નિર્વિકલ્પ સમાધિ દરમિયાન તેનું જ્ઞાન તરીકે અસ્તિત્વ હોય છે. જેના દ્વારા સમાધિમાં પ્રકાશ તેમ જ પ્રકાશથી પર બંનેનું દર્શન થાય છે. તે અજ્ઞાન નથી, તો પછી તે પ્રકાશ નથી એમ કેમ કહેવાય?



પ્રશ્ન : દશ્યો અને રહસ્યમય નાદોનું શ્રવણ એકાગ્ર મન શાન્ત થાય એ પહેલાં આવે કે પછી?

મહર્ષિ : એ પહેલાં ને પછી બંનેવાર આવી શકે. મૂળ વાત એમને અવગણવાની છે અને કેવળ આત્મા પર જ ધ્યાન આપવાની છે. ધ્યાન દરમિયાન દશ્યો અને નાદો દેખાય (સંભળાય) તો તેમને અવરોધો અને આકર્ષણોરૂપે લેખવાના છે. એ સાધકને ગાફેલ ન બનાવી દે. દશ્યો ધ્યાનને પ્રોત્સાહિત કર્યા સિવાય વિશેષ કશું ન કરી શકે.

[એક સ્થાનિક શિક્ષક સુંદરેશ આયરે પ્રકાશદર્શન તેમ જ ઘંટનાદનો સમાવેશ કરતી પોતાની તત્કાલીન યૌગિક અનુભૂતિઓ વર્ણવી. (તે સાંભળી) મહર્ષિએ કહ્યું, 'તેઓ આવશે અને પસાર થઈ જશે. કેવળ સાક્ષી બની રહો. મને આવા

હજારો અનુભવો થતાં હતા પણ કોઇની પાસે જઉં અને તેમને વિશે માર્ગદર્શન મેળવું એવું કોઇ ન હતું.']

પ્રશ્ન : કાવ્ય અને સંગીત દ્વારા કેટલીકવાર મનુષ્ય પરમ આનંદનો ભાવ અનુભવે છે. આનો અભ્યાસ ઊંડી સમાધિમાં લઇ જઇ છેવટે પરમતત્ત્વનું સંપૂર્ણ દર્શન કરાવી શકે?

મહર્ષિ : મનગમતા દૃશ્યમાં સુખ છે. આત્માનું એ અંતર્ગત સુખ છે. સુખ પારકું નથી કે દૂર નથી. એવા અવસરો જે તમને આનંદદાયી લાગે છે (ત્યારે) તમે શુદ્ધ ચૈતન્યમાં ડૂબકી લગાવો છો એ ડૂબકી આત્માનુભૂતિના પરમાનંદમાં પરિણમે છે. પણ વિચારોના સંદર્ભો—સંપર્કો આવો પરમ આનંદ અન્ય પદાર્થો કે બનાવો પર છાનીછપની રીતે ઠોકી બેસાડવા જવાબદાર હોય છે. વસ્તુતઃ એ તમારી ભીતર હોય છે. આવા અવસરોએ તમે આત્મામાં અભાનપણે ગરકાવ થઇ જાઓ છો. જો તમે આ સભાનપણે કરશો તો તેને સાક્ષાત્કાર કહેશો. હું તમને આત્મામાં એટલે કે હૃદયમાં સભાનતાથી ડૂબકી લગાવો એમ ઇચ્છું છું.

પ્રશ્ન : સંત થેરેસા અને બીજાઓએ મેડોનાની પ્રતિમા જીવંતસ્વરૂપે જોઇ. એ બહિર્ગત હતી. કેટલાક પોતાના આરાધ્યની પ્રતિમા મનોચક્ષુથી નિહાળે છે. એ અંતર્ગત હોય છે. આ બંનેમાં કોઇ કક્ષાભેદ ખરો?

મહર્ષિ : બંને સારાં છે અને નિર્દેશે છે કે, ધ્યાનમાં તેઓ ઘણા આગળ છે. કક્ષામાં કોઇ ભેદ નથી. એક પાસે દિવ્યતા-નો ખ્યાલ છે (એટલે) તે પ્રતિમામાં તે અનુભવે છે. બંને દૃષ્ટાંતોમાં સંવેદના ભીતર છે.

પ્રશ્ન : સંત થેરેસાની બાબતમાં, તે મેડોનાની આકૃતિને



આરાધ્ય માનતાં હતાં જે જિવંતસ્વરૂપે જોયાં અને પછી પરમાનંદમાં હતાં.

મહર્ષિ : આવિર્ભૂત આકૃતિએ મનને આંતરિક સ્વરૂપ માટે તૈયાર કર્યું મનુષ્યની છાયા પર એકાગ્રતાની એક પ્રક્રિયા હોય છે જે સમય જતાં સક્રિય થાય છે અને એમાં મૂકાયેલા પ્રશ્નોના ઉત્તરો આપે છે. એ 'મનોલય' અથવા 'ધ્યાનબળ'ને કારણે હોય છે. જે બહિર્ગત છે એ પરિવર્તનશીલ પણ છે. એ તત્ત્વ ક્ષણજીવી આનંદ આપી શકે પણ નિશ્ચલ શાંતિ પરિણમતી નથી. જે કેવળ અવિદ્યા (અજ્ઞાન) દૂર કરવાથી જ મેળવી શકાય.

પ્રશ્ન : તમારી સંનિધિમાં જે શાંતિ હું અનુભવું છું એ ગયા પછી કેમ નથી અનુભવાતી?

મહર્ષિ : આ ઝબકારા જાતે ઊભાં કરેલ વંઠેલ મનના કારસ્તાનના નમૂના છે. શાંતિ તમારું સાચું સ્વરૂપ છે. વિરોધી વિચારો કેવળ ચિત્તભ્રમો છે. આ સાચો યોગ છે. તેમ છતાં તમે શાંતિ અભ્યાસથી પ્રાપ્ત થાય છે એમ કહી શકો પણ અભ્યાસથી તો ખોટા ખ્યાલો ત્યજી દેવાના હોય છે.

[મહર્ષિએ પોતાના સેવકને નાની નોટ આપવા કહ્યું પણ તે યોગ્ય નોટ શોધી શક્યો નહિ. બે દિવસ પછી એક સ્થાનિક સરકારી ઇજનેર નામ્બિયાર આશ્રમમાં આવ્યા અને એક સુંદર નોટ ધરતાં બોલ્યા, 'મહર્ષિ મારા સ્વપ્નમાં આવ્યા અને આ કદની નોટ માટે કહ્યું તેથી હું આ લાવ્યો છું.' મહર્ષિએ એ સ્મિતસહ લીધી. પછી તેમણે 'રામગીતા'ના મલયાલમ અનુવાદ માટે તેનો ઉપયોગ કર્યો, જે નામ્બિયારે પોતાને ખર્ચે છપાવી હતી.]

★ ★ ★

મનુષ્યો પોતાના સંસ્કારોનો પ્રવાહ રેલાવે છે. જ્યારે તેઓ આત્મા છે એવું શીખવવામાં આવે છે ત્યારે તે શિક્ષણ તેમના ચિત્ત પર પ્રભાવ પાડે છે અને તેમની કલ્પના પ્રબળ થઈ જાય છે. તેમના દિવ્ય અનુભવો 'હું આત્મા છું' એ અવસ્થાની કલ્પના પ્રમાણે હોય છે. પણ જ્યારે મનુષ્ય પરિપક્વ થાય છે અને મન હૃદયમાં ડૂબવાની અણી ઉપર હોય છે ત્યારે પ્રબોધેલો ઉપદેશ મૂર્તિમંત થાય છે અને તે વ્યક્તિ આત્મસાક્ષાત્કાર કરે છે. નહિતર સંઘર્ષ હોય છે.

★ ★ ★

રહસ્યવાદ, થિયોસૉફી વગેરે એક જ લક્ષ્યના વર્તુળાકાર પંથો છે. છેવટે તેમના અનુયાયીઓ આત્મા પર આવી પહોંચશે જો કે, તેમના નેતાઓ 'આત્મા પર ધ્યાન' શીખવતા નથી. 'આત્મા પર ધ્યાન' એ અત્યંત ઝડપી, અત્યંત સીધો અને સચોટ 'સાક્ષાત્કારનો રાહ' છે. ઉપનિષદો પ્રબોધે છે : 'જે જોતું નથી, સાંભળતું નથી, વિચારતું નથી એ અનંત છે.' જે નાદો સાંભળે છે કે ૐના નાદ પર ધ્યાન કરે છે. તે કશાકના નાદનું ધ્યાન કરે છે જ્યારે પરમતત્ત્વ સાંભળી શકાતું નથી. જે માનસિક દૃશ્યો, અતીન્દ્રિય શક્તિઓ, ચક્રો–કેન્દ્રો વગેરે સિદ્ધિ કરતા દિવ્ય જૂથો સદૃશ હોય છે. તેઓ આકૃતિઓ જોવા મથે છે જ્યારે ચૈતન્ય જોઈ સકાતું નથી. તેઓ એક જ લક્ષ્ય માટે પ્રયત્ન કરે છે પણ ત્યાં જવા તેઓ ગોળગોળ ભમે છે. આત્મવિચારમાં ચૈતન્યને જોવા કે સાંભળવાનો પ્રયત્ન હોતો નથી, કેવળ તેનો સાક્ષાત્કાર કરવાનો હોય છે. આત્મા પરનું ધ્યાન એ સીધો, ટૂંકો અને પ્રત્યક્ષ રસ્તો છે. જેમાં ઉચ્ચાવસ્થા કે કક્ષાઓ નથી.



જેમ એક શાળામાં જુદા જુદા વર્ગો, નીચલી કક્ષાઓ તેમ જ ઉચ્ચતર કક્ષાઓ હોય તેમ આ અલૌકિક, માનસિક, માંત્રિક પદ્ધતિઓ નીચલી કક્ષાઓનું પ્રતિનિધિત્વ કરે છે. જીવનની શાળાનો ઉચ્ચતમ વર્ગ વિચાર સમર્પિતનો છે. સાચા સ્વરૂપની ખોજનો છે. આ હકીકતમાં જ્ઞાનયોગ જેવો જ છે. આ પરિપક્વતાની બાબત છે.

વેદો જેવી પદ્ધતિઓનો મુખ્ય હેતુ કે કેન્દ્રીભૂત શિક્ષણ એ છે કે, બ્રહ્મ સત્ય છે અને જગત તેમ જ અન્ય પદાર્થો મિથ્યા છે. પણ બધા પ્રકારના સાધકોનો પ્રભાવ મંદ કે હોંશિયાર પર એકસરખો હોવો ઘટે. કેન્દ્રીભૂત શિક્ષણને અનુસરવા મંદને સમર્થ બનાવવા કક્ષાવાર મીમાંસા આપવામાં આવી છે. બ્રહ્મા પ્રકૃતિનું નિર્માણ કરે છે જેમાં તત્ત્વો, જગત અને ભૌતિક દેહ એમ ક્રમવાર હોય છે. અન્ય સાધકોની તીવ્ર બુદ્ધિમત્તા માટે વેદો કહે છે, આવરણોથી આત્મા આચ્છાદિત હોય છે અથવા અજ્ઞાનનું પડ છે જે સ્વપ્ન સમું આભાસી છે કે ઈન્દ્રિયગમ્ય જગતરૂપે દેખાય છે. હકીકતમાં આત્મા ઢંકાયેલો નથી. એ કેવળ જેઓ પોતાને શરીર માને છે એમની આંખોને ઢંકાયેલો દેખાય છે.

ઉત્ક્રાન્તિનો સિદ્ધાન્ત, તબક્કાવાર અને કક્ષાવાર તત્ત્વ-જ્ઞાન, વસ્તુસ્થિતિમાં એમ જ પાછે પગલે ફરતી અધ્યાત્મની પદ્ધતિઓ, પૂર્ણતા તરફ ગતિ કરતો આત્માનો વિચાર આ સર્વ આધ્યાત્મિક રીતે અસંસ્કારિત ભૌતિકતાવાદી લોકો માટે છે, પણ જે આગળ વધ્યા છે તેમને માટે આ વિચારો અવહેલનીય છે. આગલા (લોકો) રૂપ અને પદાર્થ સાથે મનને જોડેલું રાખે છે જે ઉચ્ચતમ ભૂમિકાથી મિથ્યા છે. એ જ

રીતે થિયોસૉફી વિકાસશીલ આત્માઓની વાત કરે છે. એમ કેમ હોઇ શકે? સાચો આત્મા અનંત છે, આકારરહિત, સમયાતીત છે તેથી ઉત્ક્રાન્તિથી પર છે, એ પૂર્ણતા સુધી વિકસી શકે નહિ કારણ કે એ સંપૂર્ણ જ છે, મુક્ત અને અસીમ છે. પણ જેઓ 'હું શરીર છું' કે 'હું વ્યક્તિ છું' એવું વિચારે છે તેમને શરૂઆતમાં થિયોસૉફી અને એવી પદ્ધતિઓ ઉપયોગી થઇ શકે. અન્ય મનોને તેમની આવશ્યકતા નથી.

એવા આકારો જે ધ્યાનના મુખ્ય પ્રવાહને અંતરાયરૂપ બને એમને મનને વિક્ષુબ્ધ કરવાની છૂટ આપવી જોઇએ નહિ. તમારી જાતને પાછી આત્મામાં લાવો જે સાક્ષી છે અને આવા અવરોધોથી અક્ષુબ્ધ છે. આવા અંતરાયો સાથે પનારો પાડવા-નો આ એકમાત્ર માર્ગ છે. તમારા આત્માને કદી અવગણો નહિ. માનસિક કે અલૌકિક શિક્ષણ બાળમંદિર છે. તે અર્ધ-સત્ય છે. એ પૂર્ણ સત્યનો સાક્ષાત્કાર કરો કે તમે મુક્ત છો અને મુકત રહો.

બુદ્ધિ એ નાશવંત તત્ત્વ છે અને કેટલાક તત્ત્વોનો સમુચ્ચય છે. નાશવંત તત્ત્વ બીજું કયું છે? હકીકતમાં બુદ્ધિ વિના કોઇ કોશ સાવધ રહે નહિ. કોણ કહે છે કે, પાંચ કોશ છે? બુદ્ધિ જ તે નથી?

★ ★ ★

સાચા આધ્યાત્મિક વિકાસમાં સમયની શ્રેણી નથી. તમે અત્યારે ને હમણાં આધ્યાત્મિક છો. તમારી જાતને અસ્તિત્વ-ના તબક્કાઓ, વિકાસના સ્તરો, ચૈતન્યની અવસ્થાઓ વગેરે માનસિક પિંજરાઓમાં ફસાવા ન દો. આ મિથ્યા મર્યાદાઓને વળગો નહિ. તમે આધ્યાત્મિક આત્મા છો. એ રહો. (ક્રમશઃ)



# સમંદરને પેલે પાર

(ગતાંકથી ચાલુ) **મા સર્વેશ્વરી**

**પૂ. મા શ્રી સર્વેશ્વરીની ન્યુઝીલેન્ડ અને ઓસ્ટ્રેલિયા યાત્રા– સીડનીથી હવાઇન હોનોલુલુ, દિવસ–૧૮, તા. ૨૫–૫–૦૫**

હવે, આ બે મંત્ર જ જપવા જેવા છે. આજની આ અંતિમ દિવસની યાત્રામાં એક વિશેષ સ્મરણ પણ નોંધપાત્ર છે.

નોંધપાત્ર કોણ કોને ગણે તે તો સૌ પોતાની રીતે નિર્ણય કરી શકે.

**'મા'** માટે જાણે એક વિશેષ નોંધ લાગી છે. તો હવે તે નોંધને માણીએ.

આજે નેશનલ પાર્કમાં એટલે કે જ્વાળામુખીના વિશેષ સ્થાનમાં મંડળી સાથે **'મા'** ફરતાં હતાં, ત્યારની એક નાનકડી ઘટના છે.

જ્વાળામુખીના મુખ પાસે જવા માટે બસ ઊભી રહી છે. ઘણું ચાલીને ત્યાં જવાનું છે. **'મા'**ને ત્યાં જવાની ઇચ્છા થતી નથી. માટે **'મા'** બસમાં બેઠાં છે. શ્રી સુશીલાબહેન પણ બેઠાં છે.

બીજા બધા જ ભાઇબહેનો ત્યાં જાય છે. એમાંથી નીરૂ-બેન, ભારતીબેન, હીના ને જગુભાઇ અર્ધેથી પાછા વળે છે.

પાછા વળતાં એમણે આપણી બસની પાસે જ ૧ ગ્રૂપ જોયું. જેઓ પોતાના કેમેરા ગોઠવીને જ્વાળામુખીની જમીન-ના ફોટા પાડતા હતા.

નીરૂબેનને જરા નવાઈ લાગી. પાસે જઈને તે ગ્રૂપના એક ભાઈને પૂછે છે : 'તમે આ શું કરો છો?'

તે ભાઈ કહે છે : 'અમે આ જ્વાળામુખીની જમીનના ફોટા પાડીએ છીએ. અમારી પાસે લાયસન્સ છે.'

ત્યાં જ એ ગ્રૂપના આયોજક શ્રી નીરૂબેન પાસે આવે છે.

સામેથી તે પૂછે છે, 'કેમ છો?'

નીરૂબેન કહે, 'મજામાં છું, સારું છે.'

ત્યાં જ એ ગ્રૂપ લીડરની નજર ભારતીબેનના ડ્રેસ ઉપર પડી. એણે સંનિધિપર્વના સ્વરૂપનો બિલ્લો લગાડેલો હતો.

તરત જ એ ગ્રૂપલીડરે ભારતીબેનને પ્રશ્ન પૂછ્યો : 'આ કોણ છે? મને એ ફોટાનું સ્મિત ગમ્યું. કોણ છે એ?'

ભારતીબેને પ્રત્યુત્તર પાઠવતાં કહ્યું, 'એ તો મારા ગુરુ છે. જે ઉપવાસ કરે છે, મૌન રાખે છે, સાધના કરે છે.'

તો એ પ્રત્યુત્તર સાંભળતાં તરત જ ગ્રૂપ લીડર બોલી ઊઠ્યાં : 'ઓ... તો તો તે મારું ભવિષ્ય પણ વાંચી શકશે?'

એના પ્રત્યુત્તરમાં નીરૂબેન—ભારતીબેન બન્ને બોલી ઊઠ્યાં: 'ઓ... તો તો એ સાચા રાહબર છે. તમારા. છતાં મારે તેમને મળવું છે. ક્યાં છે તેઓ?'

નીરૂબેન—ભારતીબેન કહે છે : 'એ તો અમારી સાથે જ છે. આ બસમાં જ બેઠાં છે. લો દર્શન કરી લો.'

તરત જ તે બેન બસ પાસે આવે છે. નીરૂબેન તેને હાથ જોડી પ્રણામ કરતાં શીખવે છે.

ત્યાં જ **'મા'**ની દૃષ્ટિ પડે છે. અરે! આ નીરૂબેન સાથે વળી કોણ છે જે પ્રણામ કરે છે? **'મા'** તરત જ બે ચોકલેટ કાચની બારીમાંથી બતાવે છે. ને ઈશારો કરે છે. આવો અહીં.



એટલે ભારતીબેન નીરૂબેન સાથે તે ગ્રૂપ લીડર **'મા'** પાસે બસમાં આવે છે.

ખૂબ પ્રસન્નતાથી તે જાણે દોડતી, આતુર નયને આવી પહોંચી ને પ્રસન્નતાથી પ્રણામ કરીને **'મા'** પાસે નીચે બેસી ગઈ.

જાણે વરસોથી તે **'મા'**ને ઓળખતી હોય તેવો એનો વ્યવહાર હતો. જાણે વિખૂટી પડેલી કોઈ દીકરી હોય એવું એનું વર્તન બોલતું હતું.

**'મા'**એ તરત જ પાસે ૧ થેલી પ્રસાદની લટકતી જ હતી તેમાંથી બીસ્કીટ, ચીપ્સ, ચોકલેટ કાઢવા માંડી ને એને પ્રસાદ તરીકે આપવાની તૈયારી કરી.

તે ગ્રૂપ લીડર તો માત્ર **'મા'**ને જોતાં જ જાણે કોઈ ખજાનો મળી ગયો હોય તેવી ખીલી ઊઠી હતી. એને તો કલ્પના પણ ન હતી કે **'મા'** મને મળશે, પ્રસાદ આપશે કે કંઈ વાતો કરશે.

**'મા'**એ વાત શરૂ કરી.

'તારું નામ શું છે?'

'માયા'.

'ઓ... સરસ નામ છે.'

**'મા'** પ્રસાદ આપે છે.

તે બેન કહે છે, 'મારાથી ના લેવાય.'

ભારતીબેન—નીરૂબેન કહે છે, 'આ તો **'મા'**નો આશીર્વાદથી ભરેલો પ્રસાદ છે. લઈ લે.'

અને તે બેન પ્રસન્નતાથી બોલે છે, 'તે તો સારું. હું તે જરૂર લઈશ. આભાર, આભાર, આભાર.'

**માયા** એ બુદ્ધ ભગવાનની માતાનું નામ છે. **'મા'**એ એના આ પ્રત્યુત્તરથી જાણી લીધું કે આ તો બુદ્ધ ભગવાનને માને છે.

ત્યાં જ સુશીલાબેન મંત્રોચ્ચાર કરે છે. (સુશીલાબેને જાણ્યું કે આ તો ભગવાન બુદ્ધના ભક્ત લાગે છે.)

ૐ બુદ્ધમ્ શરણં ગચ્છામિ.

ૐ સંઘમ્ શરણં ગચ્છામિ.

ૐ ધર્મમ્ શરણં ગચ્છામિ.

સૌ મંત્રગાન કરે છે. અને આ **માયા**ને પણ કહે છે, 'તું પણ ગા.'

તરત જ બુદ્ધમ્ શરણં ગચ્છામિ—માયા શુદ્ધ ઉચ્ચારમાં ગાઈ બતાવે છે. ને પૂછે છે :

'આ સંસ્કૃતમાં છે?'

'હા.'

શ્રી જગુભાઈ, ભારતીબેન, નીરૂબેન ત્રણે એ મંત્રનો અર્થ સમજાવે છે.

એક સાચા, જીજ્ઞાસુ ભક્ત જેમ કોઈ પણ દિશામાંથી સત્સંગ શોધી લે, ઝીલી લે એ રીતે આ **માયા** એનો અર્થ પણ જાણી લે છે.

**'મા'** લખીને પૂછે છે : 'તમે લુમ્બીની ગયાં છો?'

'ના.'

'તમે કુશીનગર ગયાં છો?'

'ના.'

**'મા'**:—લુમ્બીની ભગવાન બુદ્ધની પ્રાગટ્ય ભૂમિ છે અને કુશીનગર ભગવાન બુદ્ધની નિર્વાણભૂમિ છે.



(શ્રી જગુભાઈ આ લખાણ સમજાવે છે.)

માયાઃ—મને ત્યાં જવાનું ખૂબ મન છે. હું આશા રાખું કે એક દિવસ હું ત્યાં જઈ શકું.

**'મા'**:—ચાલો, **'મા'** સાથે ભારત.

**માયા**:—હા, જરૂર. (ખૂબ પ્રસન્નતાથી **'મા'**ની વાત વધાવી લે છે.)

**માયા**ની સતત વહેતી પ્રસન્નતા સૌ માણી રહ્યા છે. જાણે એને **'મા'**ને મળી ખૂબ હાશ થઈ ગઈ છે.

પ્રસાદ સ્વીકારી પ્રસન્નતાથી બોલી ઊઠે છે. 'અરે! આ તો આશ્ચર્ય છે. મેં ધાર્યું ન હતું કે મને આટલું બધું મળશે.'

મેં જ એ બે જ જોયો ને પૂછ્યું,

'કોણ છે? એનું હાસ્ય ખૂબ સરસ છે.'

**'મા'** એ જાણીને તરત પૂછે છે : 'તારે એ સ્વરૂપ જોઈએ છે?'

તરત જ માયા પૂછે છે : 'શું હું તે સ્વરૂપ મેળવી શકું? મને મળી શકે?'

'હા.'

અને પાછળ ઊભેલા ૧ યાત્રી પોતાનો બેજ **'મા'**ને આપે છે.

**'મા'** તેને હાથમાં ના આપતાં જાતે જ લગાડી આપે છે.

**માયા** ખૂબ જ પ્રસન્નતાથી આભાર માનતી માનતી તે સ્વીકારે છે.

સૌ ૐ યોગેશ્વરાય નમઃ મંત્ર બોલે છે. ત્યાં વળી **'મા'**ને ચંપાના ફૂલોનો ગુચ્છ દેખાયો. તો તે પણ માયાને આપે છે.

**માયા** તેને પ્રેમથી સ્વીકારી સૂંઘવા માંડે છે અને કહે છે

મને આ ફૂલ ખૂબ ગમે છે.

સૌ કોઇ હાથ જોડે છે. **'મા'** તેના ખભે હાથ મૂકી થાબડે છે.

ત્યાં જ માયા પૂછે છે :

'હું અમેરિકાની રીત પ્રમાણે **'મા'**ને આલિંગન આપી શકું?'

**'ના'** (એ વાત તરત જ સ્વીકારી લે છે.) જેથી એ ખૂબ ભાવથી હાથ જોડીને ઝૂકે છે. આભાર. આભાર માનતી માનતી બોલતી બોલતી માયા બસ છોડે છે.

શ્રી નીરૂબેન તેને નીચે સુધી વિદાય આપવા જાય છે.

ત્યાર પછી જાણવા મળે છે કે **માયા** નામની હસતી રમતી યુવતી તો (હવાઇન રાજ્યોના પ્રવાસ વિભાગે ઘડેલી જોવાલાયક સ્થળોની ફિલ્મ બનાવનારી યોજનાની) આયોજક હતી.

**માયા** સામેથી મળી ગઇ. કોઇ એને તેડવા ગયું નથી. મન અંતરના કોઇ સુષુપ્ત સંસ્કારો એને આ બાજુ દોરી લાવ્યા.

ભરાવ્યું ડગલું ભરે.

ઈશ્વરની યોજનાનો જ એ ભાગ છે. માયા ભલે રાજ્ય સરકારની પ્રવાસ વિભાગની આયોજક હોય પણ માયાના આયોજક ભગવાન બુદ્ધ છે.

ભગવાન બુદ્ધ જ એના અંતરે જીજ્ઞાસા જગાડે, ચલાવે, પ્રસાદ અપાવે, પ્રસન્નતાથી છલકાવે.

માયા આવી ને ગઇ. સતત હસતી રહી. જાણે ઘણા વરસની તરસ એની આજે પરિતૃપ્તિમાં પલટાઇ ગઇ.



વિદેશી વ્યક્તિ અચાનક સામેથી મળવા માટેની જાણે દોટ મૂકે કેવું આશ્ચર્ય?

સૌને આનંદ થયો. સૌએ માન્યું કે **'મા'**ને જીવનમાં પ્રથમવાર જ મળી ને કેટલું બધું પામી ગઇ!

**'મા'**ને મળવા પણ તે એટલી જ આતુર હતી. જે કંઇ જોઇતું હશે તે એને માત્ર દર્શનમાંથી મળી ગયું હોય તેમ અતિ પ્રસન્ન બનીને ક્ષણમાં સઘળું સ્વીકારીને પાછી પોતાના કામમાં—પોતાના કર્તવ્યક્ષેત્રે કાર્યરત થઇ ગઇ.

એને માટે જ કોઇએ આગળથી કંઇ પ્રસાદ તૈયાર રાખ્યો ન હતો.

બે ત્રણ દિવસ ઉપર જ શ્રી ભગવાનજીભાઇ સૌ માટે બીસ્કીટ લાવ્યા હતા. શ્રી નીરૂબેને હજી આજે જ પાઇને-પલની કેન્ડી સૌ માટે ખરીદી હતી.

તો વળી શ્રી ભગવાનજીભાઇ આજે જ એક મારકેટમાંથી **'મા'** માટે જ ફળ લાવ્યા હતા.

લાવનાર ભલે પોતાની ગણત્રીથી પોતાના જેને માને તેને માટે લાવે, પણ એના ઉપર જેનો જેનો ભાગ હોય તે તે સામેથી આવીને લઇ જાય.

શ્રી હરિ જેનો જેનો ભાગ હોય તેને તેને હાજર કરે. તેને તેને અપાવે જ. કર્મના ફળ ક્યાં, ક્યારે, કોને, કેવી રીતે, કેટલા પ્રમાણમાં આપવા તે જીવન હિસાબનો ચિત્રગુપ્તનો ચોપડો ક્યાં આપણાથી ઉકેલી શકાયો છે?

હરિ જાણે છે. આપણને માત્ર નિમિત્ત બનાવે છે.

સઘળું શ્રી હરિનું છે. બીસ્કીટ પણ એનાં જ ને કેન્ડી પણ એની જ. ફૂલો પણ એનાં જ. બીસ્કીટ બન્યાં હશે ત્યારથી જ એના ઉપર **માયા**નું નામ હશે જ. ફૂલો ઉપર ને પેલી કેન્ડી

ઉપર પણ એનું નામ હશે, તો જ તે સામેથી આવીને લઈ ગઈ.

અરે, **'મા'**ના અંતરે વસતો પ્રેમ કે સ્મિત ઉપર પણ માયાનો જેટલો ભાગ કે હક હશે તેટલો તે આવીને લઈ ગઈ.

જીવનો દરેક સદ્‌ગુણ પણ શ્રી હરિનો જ દીધેલો છે. તો તે તે સદ્‌ગુણના પ્રકાશ કે પ્રસાદ ઉપર જેનો જેનો ભાગ હશે તેને તેને સંપર્કમાં લાવીને તેને અપાવીને જ જંપે.

એ અર્થમાં શ્રી હરિ સર્વત્ર પથરાયેલા, પ્રસરાયેલા છે.

**માયા** નામની વિદેશી વ્યક્તિમાં પણ તે જ પથરાયા છે.

આ યાત્રામાં જાણે અનેકવિધ વ્યક્તિત્વના સંપર્કમાં શ્રી હરિ લાવ્યા.

જાણે વિવિધ રૂપે શ્રી હરિ જ સામેથી મળવા આવ્યા.

હે હરિ, તારી આ સર્વશ્રેષ્ઠ રમતને રમતા રમતા તારે આંગણે જ વસીએ. તારા જ બનીને વસીએ. તારી જ આંખો-માં વસીએ. તારા જ હૈયામાં વસીએ.

આ જગમાં આવીને માત્ર તારા જ સ્વજન બનવા જેવું છે. સર્વત્ર તારાં જ દર્શન, તારા જ ઘરમાં અખંડ તારું જ સંનિધિ સુખ તારા જ અંકે અમને રાખજે.

તું સર્વ સમર્થ છે. ધારે તેને ધારે ત્યાં તું જ બેસાડી શકે છે. હે પ્રભુ, આ બધી વાતો તને જ કહેવાય. બીજા કોણ સાંભળી શકે તેમ છે? કોણ સમજી શકે એવા છે?

હે હરિ! તારા વિના આ જગે કોઈ નથી. તેથી તને મારા પ્રણામ. પ્રણામ. પ્રણામ. (ક્રમશઃ)



# અવધૂત શ્રી ગજાનન સમર્થ

દક્ષા નિરંજન પરમાર

(અવધૂત શ્રી ગજાનન મહારાજ પોતે સિદ્ધ પુરુષ હતા અને પોતાના જીવન દરમિયાન તથા સમાધિસ્થ થયા બાદ પણ પોતાના ભક્તો અને સેવકોને સ્થૂલ અને સૂક્ષ્મ રીતે દર્શન આપ્યાની રસપ્રદ વાતો "અવધૂત શ્રી ગજાનન સમર્થ" એ નામના તેમના ચરિત્ર પુસ્તકમાં લેખક શ્રી જયંત શા. જોષી નોંધે છે. એટલે એ પુસ્તકના આધારે મને ગમી ગયેલા બે પ્રસંગો સાભાર રજૂ કરું છું. આશા રાખું "અધ્યાત્મ"ના વાચકોને તે ગમશે.)

(૧)

એક વાર શ્રી ગજાનન મહારાજ અમરાવતીમાં દાદાસાહેબ ખાપર્ડે નામના સજ્જનને ત્યાં ઊતર્યા હતા. આ વખતે શિવાજી જયંતી નિમિત્તે અકોલામાં લોકમાન્ય તિલકનું વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. લોકમાન્ય સ્વરાજ સિદ્ધિની પ્રવૃત્તિમાં દાદાસાહેબ સહયોગી હતા, એટલે તેઓ તથા અન્ય કાર્યકર્તાઓ અકોલા આવ્યા. અહીં અમુક કાર્યકર્તાઓએ એવી અભિલાષા વ્યક્ત કરી કે આ પ્રવચન વેળા શ્રી ગજાનન મહારાજને બોલાવ્યા હોય તો સારું પરંતુ કેટલાકે ભય અને શંકા વ્યક્ત કરતાં કહ્યું : "શેગાંવના એ મસ્ત અને પાગલ સમા દિગંબર મહારાજ કદાચ સભામાં વિક્ષેપ કરે તો? એમનું ભલું પૂછવું! ક્યારે શું કરે તે કહેવાય નહિ. કદાચ લોકમાન્યને મારી બેસે પણ ખરા!"

આમ છતાં તેમને બોલાવવાનું નક્કી કરવામાં આવ્યું. દાદાસાહેબ તથા બીજા આગેવાનો મહારાજશ્રીને આમંત્રણ આપવા ગયા. ગજાનન મહારાજે દાદાસાહેબને જોતાં જ કહ્યું "તમારા શિવાજી જયંતી ઉત્સવની સભામાં હું આવીશ. સભામાં મૌન ધરી બેસીશ. કોઇનો મનોભંગ કરીશ નહી અને ગાંડા જેવો વહેવાર નહિ કરું." આ સાભળતાં જ આમંત્રણ આપવા આવનાર સૌ ચકિત થઇ ગયા!

લોકમાન્ય તિલક પ્રવચન કરવાના છે અને સાથે સાથે શેગાંવના ગજાનન મહારાજ પણ સભામાં હાજર રહેવાના છે એ સમાચારથી સભામાં ખૂબ જ લોકો પધાર્યા. મંડપ ચિકાર ભરાઇ ગયો. લોકમાન્ય તથા અન્ય આગેવાનો સાથે ગજાનન મહારાજ પણ સભાના મંચ પર ઉચ્ચા સ્થાને ગાદીને ટેકો દઇ બિરાજ્યા.

લોકમાન્યે પ્રવચન શરું કર્યું "આજનો દિવસ ધન્ય છે... ... આજે આ સભામાં શ્રી ગજાનન મહારાજ આશીર્વાદ આપવા પધાર્યા છે... ... રાષ્ટ્રની સાંપ્રત સ્થિતિમાં સ્વાતંત્ર્યનો સૂર્ય આથમી ગયો છે. દાસત્વની કાળાશ ફેલાઇ ગઇ છે... ...સ્વાતંત્ર્ય માટે પ્રયત્ન કરવાની જરૂર છે. એ માટે જેનાથી રાષ્ટ્રપ્રેમ વધે અને સ્વાતંત્ર્ય માટે હૃદયમાં તલસાટ જાગે તેવું શિક્ષણ બાળકોને આપવાની જરૂર છે. શિવાજી મહારાજને એવું શિક્ષણ આપવામાં આવ્યું હતું. પણ આ વિદેશી સરકાર રાષ્ટ્રપ્રેમ પ્રદીપ્ત થાય એવું શિક્ષણ આપશે ખરી?"

આ સાંભળી ગજાનન મહારાજ આસન પરથી ઊભા થયા અને 'નહિ નહિ નહિ' એમ ત્રણ વાર બોલ્યા. લોકમાન્યનું



ભાષણ આવેશભર્યું હતું. રાજસત્તાને ચોટ પહોંચાડનારું હતું. આથી હસતાં હસતાં મહારાજ બોલ્યા "આવું બોલવાથી જ તમને હાથકડી પડશે."

શ્રી ગજાનન મહારાજની વાત સાચી પડી. લોકમાન્યની ધરપકડ થઇ. તેમને છોડાવવા અનેક પ્રયત્નો થયા. તેમના કોલ્હરકર નામના એક ભક્ત મહારાજની મદદ માટે શેગાંવ ગયા. ત્યાં મહારાજ ત્રણ દિવસ સૂતેલા જ રહ્યા. પેલા તિલક ભક્ત પણ ધીરજ ધરી ત્રણ દિવસ ત્યાં જ રહ્યા. ચોથા દિવસે ઊઠીને મહારાજે કહ્યું "તમે ખૂબ પ્રયત્ન કરશો તો પણ કંઇ ફળ મળશે નહિ. સજ્જનો પર ત્રાસ પડ્યા વિના રાજક્રાંતિ થતી નથી. હું આ ભાખરી આપું છું તે તિલકને ખવડાવો. આ ભાખરીના બળ દ્વારા એક મહાન કાર્ય સિદ્ધ થવાનું છે.

આવું સાંભળી કોલ્હરકર સાશંક બન્યા. મહારાજશ્રીને પ્રણામ કરી, વાસી ભાખરીને પ્રસાદ સમજી જતનથી જાળવી મુંબઇ લઇ ગયા અને બધી વાત કરી. તિલકે મિત્રોને કહ્યું "મહારાજનું જ્ઞાન અગાધ છે, સત્ય છે. તમારા પ્રયત્નોને યશ સાંપડવાનો નથી એ નિશ્ચિત છે. સાધુજન ત્રિકાલજ્ઞ હોય છે. જોઇએ મારા હાથે એવું તે કયું કોઇ મોટું કાર્ય સિદ્ધ થાય છે!" અને એમ કહી સૂકી વાસી ભાખરીને પ્રસાદરૂપે ગ્રહણ કરી દાંત ન હતા તો પણ જેમતેમ ચાવી પ્રેમથી આરોગી ગયા.

લોકમાન્યને છ વર્ષની સજા થઇ. તેમને માંડલેની જેલમાં બ્રહ્મદેશ લઇ જવામાં આવ્યા. ત્યાં તેમણે પ્રસિદ્ધ "ગીતા રહસ્ય" ગ્રંથનું નિર્માણ કર્યું! આ જ મહારાજે કહેલી મોટી કાર્યસિદ્ધિ!

(૨)

આમગાંવના ભાઉ રાજારામ કંવર નામના દવાખાનાના અધિકારી ડોક્ટરને એક પીડાકારક ફોડલો થયો હતો. અનેક ઉપચારો તથા અન્ય ડોક્ટરો પાસે શસ્ત્રક્રિયા કરાવી તો પણ ફોડલો જરાય બેઠો નહિ. કપાયા છતાં ફરીથી એ ફોડલો ઊપસી આવતો અને મોટો ને મોટો વધી જતો. ડોક્ટરને એની ખૂબ જ પીડા થતી હતી. છેવટે અન્ય ઉપાયો પડતા મૂકી તેમણે શ્રી ગજાનન મહારાજના શરણે જવાનું વિચાર્યું. અને પથારીમાં પડ્યા પડ્યા જ સદ્‌ગુરુનું સ્મરણ કરવા લાગ્યા : ‘‘દોડો દોડો હે સદ્‌ગુરુનાથ! આ પીડા હવે સહન થતી નથી. તમારા બાળકની પીડા હવે સત્વરે ટાળો.’’

તે રાત્રે એકાદ વાગ્યાના સુમારે એક બળદ ગાડું ડોક્ટરના બારણા આગળ આવી ઊભું રહ્યું અને તેમાંથી એક બ્રાહ્મણ ઊતરી ડોક્ટરનું બારણું ખખડાવવા લાગ્યો. ડોક્ટરના ભાઈએ બારણું ખોલી પૂછ્યું : ‘‘ક્યાંથી આવો છો? કોનું કામ છે?’’ બ્રાહ્મણે કહ્યું : ‘‘મારું નામ ગજો. શેગાંવથી આવું છું. ડોક્ટર ભાઉ કંવરને ફોડલો થયો છે તેને માટે તીર્થ અને ભસ્મ લઈને મને મોકલવામાં આવ્યો છે. લ્યો આ ભસ્મ ફોડલા ઉપર લગાડવા માટે અને આ તીર્થ પીવા માટે. મારે અત્યારે પાછાં જવાનું છે.’’ આમ ભસ્મ અને તીર્થ આપી પેલો બ્રાહ્મણ ચાલ્યો ગયો. અને ગાડું દડબડ દડબડ કરતું રવાના થયું.

પછી ડોક્ટરે મનમાં ને મનમાં મહારાજશ્રીને પ્રણામ કરી ફોડલા ઉપર ભસ્મનો લેપ કર્યો. ફોડલો તરત જ ફૂટી ગયો. બધું પરું અને બગડેલું કાળું લોહી નીકળી ગયું. ડોક્ટરને શાંતિ વળી અને ગાઢ ઊંઘ પણ આવી.



ત્યારબાદ ધીરે ધીરે શરીરમાં શક્તિ અને સ્ફૂર્તિ આવી એટલે ડોક્ટર મહારાજના દર્શને શેગાંવ ગયા. ત્યાં મહારાજશ્રીએ હસીને કહ્યું : ‘‘અરે ભાઈ! મારા બળદોને ઘાસ પણ નીર્યું નહિ તેં!’’ આ ગૂઢ માર્મિક શબ્દોથી ડોક્ટરને શી પ્રતીતિ થઈ તે કહેવાની જરૂર ખરી?

આત્મજ્ઞાન માટે નિર્ભયતા એ આવશ્યક શરત છે, બધા પ્રકારના ભયમાંથી મુક્ત થવું, એ જ્ઞાનના માર્ગે એક ડગલું ભરવા જેવું છે.

—યોગેશ્વરજી

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
દીપક સી. મહેતા
**કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ**
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

## Due to Maa

# Pipe Dream Becomes a reality

**Bindiya Bhakta**
**Anaheim, California**

OM Jay Krupalu Maa,

Being with Maa in Swargarohan was the greatest experiences of my life and I strongly encourage everyone to go. Here in America, we take so many things for granted. Even with all of the things we have, we are still not happy. What I learned when I was in Swargarohan was that although the people in India have barely anything, they are more happy and more spiritual than many of us here in America. The people that I met during the medical camps had such pure hearts and such strong faith in God, even if their lives were not going the way they hoped for.

When I was in elementary school I had an assignment in which I was supposed to tell my classmates about a pipe dream that I had. My dream was to go out of the country (somewhere like Africa) and volunteer in a medical camp by helping people who were not in good health. When I told my



classmates that this is what I wanted to do when I got older, they joked and laughed at me. They made fun of me for having dream like that. Over the years, elder people have also have brushed my dreams aside and interestingly I have even had someone look down on me and say "You shouldn't have dreams like that". The only person that really believed in me was Maa.

As soon as I found out that Maa was going to be in Swargarohan in December of 2006 I asked my parents to book my flight. To my surprise, when I got to India I found out that Maa was going to hold a Medical Camp in Swargarohan at the same time that I was going to be there. Fortunately, not only was I able to attend the Medical Camp Maa had organized, but I was able to attend two more camps held elsewhere by a doctor in India. I was so happy. I felt that at such a young age, I was able to accomplish my dream by not just attending one camp, but attending three camps all in one month! It was amazing to me how much support and encouragement I received from Maa. No words could express my gratitude towards Maa for allowing me to experience such a great thing.

During the medical camp at Swargarohan, I realized that you never really know how

hard it is for others until you physically are able to see the life they live in. Seeing the hardship that many people in India have to deal with, has enabled me to change the way I live my life. I have begun to appreciate life more and enjoy the smaller things in life. With Maa's teachings, I have learned valuable life lessons without her even speaking. I believe that "actions speak louder than words" because Maa was able to show so many people the value of life and giving by just her actions. I truly believe that my experiences in Swargarohan were life changing, and not just a one day thing. The things I learned In Swargarohan are things that I will practice for my whole life. When I was there I was spiritually at peace and I could tell that my soul did not want to leave that atmosphere, not to mention that wanting to stay In India forever is not something I would generally want. Since I have seen such a big difference in my entire family, I would generally want. Since I have seen such a big difference in my entire family, I genuinely hope and pray that everyone can go once in their lives to Swargarohan because I hope that everyone can make lasting friendships with people on a spiritual level like I was able to. Jay Krupalu Maa.



# પૂ. માને લીધે સેવાનું સ્વપ્ન સાકાર થયું.

મૂળ લેખક : બિન્દીયા ભક્ત
અનુવાદક : તંત્રી

જય કૃપાળુ મા.

સ્વર્ગારોહણમાં પૂ. માના સાન્નિધ્યમાં હોવું એ મારા જીવનનો સૌથી મોટો અનુભવ છે. એથી હું દરેકને ત્યાં જવા માટે ભારપૂર્વક પ્રોત્સાહિત કરું છું. અહીં અમેરિકામાં આપણે ઘણી બધી વસ્તુઓને માની લઈએ છીએ. આપણી પાસે અહીં જરૂરી બધી જ વસ્તુઓ છે, છતાં આપણે સાચા અર્થમાં સુખી નથી. સ્વર્ગારોહણમાંથી મેં શો બોધ લીધો—તે એ કે ભારતમાં ભલે લોકો પાસે માત્ર જીવવા પૂરતી જ ચીજો હોય, છતાં તેઓ અહીં અમેરિકાના લોકો કરતાં વધારે સુખી અને વધારે આધ્યાત્મિક છે. મેડિકલ કેમ્પો દરમ્યાન હું જે લોકોને મળી, તેમનાં હૃદય ચોક્ખાં અને ભગવાનમાં દૃઢ શ્રદ્ધાવાળાં હતાં—જો કે તેમના જીવનમાં તેઓ ઇચ્છે તેવી સુવિધાઓ તો ન હતી.

હું જ્યારે પ્રાથમિક શાળામાં હતી ત્યારે મારે મારી કલ્પના પ્રમાણેના ગમતા કામ વિષે બોલવાનું હતું. મેં કહ્યું. મારું સ્વપ્ન ભવિષ્યમાં આફ્રિકા જેવા કોઈ દેશમાં જઈ—મેડિકલ કેમ્પમાં વોલિન્ટીયર તરીકે જોડાઈ માંદા માણસોની સેવા કરવાનું છે. મારા સાથી વિદ્યાર્થીઓને મોટી થાઉં ત્યારે શું કરવાનું મને ગમશે તેની આ વાત કરી તો તેઓ હસ્યાં ને મારી હાંસી ઉડાવી. દુઃખી માણસોની સેવા કરવાની મારી

વાત તેમને હાસ્યાસ્પદ લાગી. વર્ષો સુધી વડીલોએ પણ મારા સેવાના આ સ્વપ્નને પણ અવગણ્યું અને મને સલાહ આપવા લાગ્યા કે તારે આવાં સ્વપ્નો સેવવાં ન જોઇએ. (પરંતુ) પૂ. મા એ એક જ એવી વ્યક્તિ હતાં જે મારી ભાવના સમજતાં.

મેં જેવું સાંભળ્યું કે પૂ. મા ભારતમાં સ્વર્ગારોહણ જઇ રહ્યાં છે કે મેં તારા માતાપિતાને કહ્યું કે ભારત માટેની મારી વિમાનની ટિકિટ કઢાવી દો. મારા આશ્ચર્ય વચ્ચે મેં એ જાણ્યું કે હું ભારતમાં જે સમયે છું ત્યારે પૂ. મા તરફથી સ્વર્ગારોહણમાં મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવી રહ્યું છે. મારા સારા નસીબે પૂ. માએ યોજેલ મેડિકલ કેમ્પમાં હું ભાગ લઇ શકી એટલું જ નહિ, પરંતુ બીજા એક ડોક્ટર દ્વારા ભારતમાં યોજાયેલ બીજે બે કેમ્પોમાં પણ ભાગ લઇ શકી. આથી મને ખૂબ આનંદ થયો. મેં અનુભવ્યું કે આટલી નાની વયમાં મારું સ્વપ્ન સાકાર બન્યું અને એક જ મહિનામાં એક કેમ્પને બદલે ત્રણ ત્રણ મેડિકલ કેમ્પોમાં હું હાજરી આપી શકી. પૂ. મા મને કેટલું બધું પ્રોત્સાહન આપી રહ્યાં છે તેનું મને ખરે જ આશ્ચર્ય થાય છે. આ બદલ પૂ. માનો કેટલો આભાર માનું કે તેઓએ આવો અનુભવ કરવાનું સૌભાગ્ય મને અપાવ્યું, તે બદલ મારી પાસે કોઇ શબ્દો નથી જે દ્વારા આભાર વ્યક્ત કરી શકું.

સ્વર્ગારોહણના મેડિકલ કેમ્પ દરમ્યાન મેં અનુભવ્યું કે તમે જાતે જઇને આ દર્દીઓ કેવું જીવન જીવે છે તે ના જુઓ ત્યાંસુધી તમને તેમની મુશ્કેલીઓનો સાચો ખ્યાલ ના આવે. ભારતમાં જીવન જીવવા માટે લોકોને કેવી ભારે હાડમારી ભોગવવી પડે છે તેના દર્શને મને મારી જીવનપદ્ધતિ



બદલવામાં મદદ કરી છે. હું જીવનને વધુ સારી રીતે વખાણી નાની બાબતોમાંથી પણ આનંદ માણવા લાગી છું. પૂ. મા ભલે ના બોલતાં હોય છતાં, તેઓની પાસેથી હું જીવન જીવવાના ઘણા કિંમતી પાઠો શીખી છું.

હું એ ઉક્તિમાં શ્રદ્ધા ધરાવું છું કે ''શબ્દો કરતાં કાર્યો જ વધારે સારો સંદેશો પૂરો પાડે છે,'' કારણ કે પૂ. મા પોતાનાં કાર્યો વડે ઘણા બધા માણસોને જીવનનું મૂલ્ય શું છે તે વગર બોલ્યે સમજાવી રહ્યાં છે. હું ખરે જ માનું છું કે સ્વર્ગારોહણના મારા અનુભવો કેવળ એક દિવસનો બદલાવ લાવવા માટે નહિ, પણ જીવનમાં પરિવર્તન લાવનારા હતા. સ્વર્ગારોહણમાં મને જે શીખવા મળ્યું તેનું આચરણ હું મારા આખા જીવન દરમ્યાન કરતી રહીશ. હું જ્યારે સ્વર્ગારોહણમાં હતી ત્યારે મને એક પ્રકારની આધ્યાત્મિક શાન્તિનો અનુભવ થતો, અને એટલે હું કહી શકું કે મારો આત્મા આ વાતાવરણને છોડીને જવાની ઇચ્છા ન કરતો. એનો અર્થ એવો નથી કે કાયમ માટે ભારતમાં રહેવું એવું હું ખાસ કરી ઇચ્છી રહી છું મેં મારા કુટુમ્બમાં ઘણો બધો બદલાવ જોયો છે, તેથી હું આશા રાખું ને વિનંતી પણ કરું કે જીવનમાં એક વાર દરેક જણ તો સ્વર્ગારોહણ જરૂરથી જઇ શકે. તેમ જ મારી જેમ લોકો સાથે આત્મિક સ્તરે કાયમી મિત્રતા પણ સ્થાપી શકે. જય કૃપાળુ મા.

તમારા શુદ્ધ સ્વરૂપમાં મન જ નથી, તો પછી વિક્ષેપ ક્યાંથી હોય?

**—નાથ ભગવાન**

# એક સાચા તપસ્વી સંન્યાસી

ભાણદેવજી

હિમાલયના ચાર ધામની યાત્રા દરમિયાન અમે ગંગોત્રી પહોંચ્યા હતા. ગંગાજીના સામેના કિનારા પર દંડીબાબાનો આશ્રમ છે. અમારો ઉતારો આ દંડીબાબાના આશ્રમમાં છે. બે ત્રણ દિવસ અહીં ગંગોત્રીમાં રહીને ગોમુખ જવાની અમારી ઈચ્છા છે. ગંગોત્રીમાં અનેક દર્શનીય સ્થાનો છે, અને ભજનાનંદી સાધુઓ પણ ઘણા છે. અમે સાધુઓ સાથે સત્સંગ અને તીર્થોનાં દર્શન કરવામાં સમયનો સદુપયોગ કરીએ છીએ.

એકવાર આશ્રમના પ્રાંગણમાં, તડકામાં બેસીને અમે બપોરનું ભોજન લઈ રહ્યા હતા. અચાનક જ આશ્રમના દ્વારમાંથી એક સંન્યાસી પ્રવેશ્યા. ગેરુઆં વસ્ત્રો કિંચિત શ્યામવર્ણ, કાળા વિખરાયેલાં વાળ, અંતર્મુખી આંખો જોઈને મન પ્રસન્ન થઈ ગયું. પગ ઉઘાડા છે, અને હાથમાં ખપ્પર છે. દંડીબાબા એક ઓટલા પર બેઠા બેઠા તડકાનું સેવન કરી રહ્યા છે, અને બીજા એક સાધુ અમને પીરસી રહ્યા છે. નવાગંતુક સંન્યાસી મહારાજે દંડીબાબા સામે જોઈને 'નમો નારાયણાય' કહ્યું, 'નારાયણ, નારાયણ' કહેતા દંડીબાબા ઊભા થયા, અને 'આઈયે સંત ભગવન્' કહીને સંન્યાસી મહારાજનું સ્વાગત કર્યું. ભોજનનો સમય છે, અને હાથમાં ખપ્પર (ભિક્ષાપાત્ર) છે, તેના પરથી અમને લાગ્યું કે સ્વામીજી ભિક્ષા લેવા માટે પધાર્યા હશે. અમારી ધારણા સાચી પડી. દંડીબાબા તેમને ભિક્ષા આપવા માટે જ ઊભા થયા



હતા. દંડીબાબાએ તેમના એક જ પાત્ર–ખપ્પરમાં રોટલી, દાળ, ભાત, શાક બધું પીરસ્યું. અમને થયું સંન્યાસી મહારાજ અહીં અમારી પાસે જ બેસીને ભોજન કરશે, પરંતુ અમારી આ ધારણા સાચી ન પડી. સંન્યાસી મહારાજ તો ભિક્ષા સાથેનું પોતાનું ખપ્પર લઈને ચાલતા જ થયા.

અમને થયું–આ સંન્યાસી મહારાજનો પરિચય પણ ન થયો, અને તેમની સાથે સત્સંગ પણ ન થયો. સાધુ સંગ અને સાધુઓ સાથે સત્સંગનો મને પહેલેથી બહુ ભાવ છે. આ મારો આંતરિક રસ છે. તીર્થધામ ગંગોત્રીમાં એક સારા સાધુના સંગથી વંચિત રહેવું પણ ગમ્યું તો નહિ પણ થાય શું? અમે ભોજન કરી રહ્યા છીએ, અને ભોજન કરતાં કરતાં પંગતમાંથી ઊભા તો થવાય જ નહિ, અને આ સંન્યાસી મહારાજ તો ભિક્ષા લઈને તુરત ચાલ્યા ગયા. હરિ ઈચ્છા માનીને હું શાંત રહ્યો.

સંન્યાસી મહારાજને વળાવવા દંડીબાબા દરવાજા સુધી ગયા, અને વિદાય આપતાં બોલ્યા, ''મહારાજ, ગંગોત્રીમાં રહો ત્યાં સુધી ભિક્ષા માટે નિત્ય અહીં પધારજો. સંકોચ ન કરશો. આ આપનો જ આશ્રમ છે.''

દંડીબાબાના આ સ્નેહયુક્ત નિમંત્રણના પ્રત્યુત્તરમાં સંન્યાસી મહારાજ આટલું જ બોલ્યા, ''હરિ ઓમ્''.

અમે આ બંને સાધુઓનો આટલો સંવાદ સાંભળ્યો. દંડીબાબા પાછા ફર્યા, અને ફરીથી ઓટલા પરના પોતાના આસન પર બિરાજમાન થયા. મેં ભિક્ષા લઈને ગયેલાં તે સંન્યાસી મહારાજ વિશે કાંઈ જાણવા માટે મારી જિજ્ઞાસા દંડી બાબા સમક્ષ વ્યક્ત કરી. દંડીબાબાએ બહુ આદરપૂર્વક તે સંન્યાસી મહારાજ વિશે મને કહ્યું,

"અરે! એ તો એક વિરલ સાધુ છે. મૂળ તો બંગાળ તરફના છે. બંગાળથી અહીં સુધી ગંગા કિનારે ચાલતાં ચાલતાં અહીં આવ્યા છે. જોયુંને, પગમાં બૂટ—ચંપલ પણ પહેર્યા નથી." ગઈકાલે જ ગોમુખની યાત્રા કરીને આવ્યા, ખુલ્લા પગે જ. સંસ્કૃતજ્ઞ છે. વિદ્વાન છે. પ્રસ્થાનત્રયી અને શ્રીમદ્ ભાગવત તો ઘોળીને પી ગયા છે. પણ તેથીયે વિશેષ તો તેઓ નખશિખ એક અધ્યાત્મ પુરુષ છે, નિષ્ઠાવાન સાધક છે. આખો દિવસ અને લગભગ આખી રાત આત્મચિંતનમાં લીન રહે છે. અહીં નજીકમાં જ ગંગા કિનારે એક જેવી તેવી ગુફા છે, તેમાં ઘાસની પથારીમાં સૂઇ રહે છે.

દિવસમાં એકવાર અહીં આવીને ભિક્ષા લઇ જાય છે અહીંથી ગંગાકિનારે જશે, અને ત્યાં બેસીને ભોજન કરશે. અહીં બેસીને ભોજન ગ્રહણ કરતા નથી. લોકોથી યથા શક્ય દૂર રહે છે.

મેં વિશેષ જિજ્ઞાસા કરી, "અમે તે સ્વામીજીને મળી શકીએ?"

દંડીબાબાએ કહ્યું, "હા, હા મળી શકો. એકાંત પ્રિય, અંતર્મુખી અને સાધન પરાયણ છે, તેથી લોકો સાથે હળવા-મળવાનું ટાળે છે, પરંતુ તમારા જેવા કોઇ અધ્યાત્મપ્રેમી માત્ર સત્સંગના ભાવથી મળે તો આનંદિત થાય છે. બહુ સરળ અને ભલા છે."

અમારું ભોજન પૂરું થયું. વસ્તુતઃ થોડી ઉતાવળ કરીને ભોજન થોડું વહેલું પૂરું કરી લીધું. ભોજન પૂરું કરી, દંડી-બાબાની અનુમતિ લઇને અમે તે સંન્યાસી મહારાજની શોધમાં નીકળ્યા. દંડીબાબાના આશ્રમની બાજુમાંથી જ પુણ્યસલિલા



ભગવતી ભાગીરથી વહે છે. અમારી ધારણા એવી હતી કે આ સ્વામીજી ક્યાંક ગંગા કિનારે જ હશે. અમારી ધારણા સાચી નીકળી. ગંગા કિનારે એક મોટી શિલા પર બેઠા બેઠા સ્વામીજી ભોજન કરી રહ્યા હતા. બધી ભોજનસામગ્રી એક જ પાત્ર—ખપ્પરમાં ભરેલી હતી. સ્વામીજી તેમાંથી જ આહુતિઓ લઇને જઠરાગ્નિમાં હોમ કરી રહ્યા હતા. અમે થોડીવાર, થોડે દૂર બેઠા સ્વામીજીનું ભોજન પૂરું થયું, એટલે તેઓએ ગંગાજીના પ્રવાહ પાસે ગયા. તેણે પોતાનું એઠું પાત્ર અને હાથમોં ગંગાજીમાં ધોયાં નહિ. એક નાની જલધારા બાજુમાંથી આવીને ગંગાજીમાં મળતી હતી. તેના પાણીથી પાત્ર સાફ કર્યું, પછી તે પાત્રમાં પાણી ભરીને થોડે દૂર બેસીને હાથમોં સાફ કર્યા.

હિમાલયની મારી અનેક યાત્રાઓ દરમિયાન મેં જોયું છે કે ગંગાકિનારે સાધના માટે વસેલા સાધુઓ શૌચાદિ કર્મો પછી સફાઇ માટે ગંગાજળનો ઉપયોગ કરતા નથી; એંઠા હાથ મોં ગંગાજીમાં ધોતા નથી; ગંગાજીના પ્રવાહમાં કોગળા કરતા નથી. ગંગાજીના પ્રવાહમાં અનેક નાના મોટાં ઝરણાંઓ મળતાં હોય છે. આ ઝરણાંઓના જળને સાધુઓ ઉપજલ કહે છે, અને શૌચાદિ કાર્ય માટે આ ઉપજલનો ઉપયોગ થાય છે. હિમાલયના સમજદાર સાધુઓ ગંગામૈયાની આ રીતે પૂરી આમન્યા જાળવે છે.

સ્વામીજી હાથ મોં ધોઇને ગંગાકિનારાથી પાછા શિલા તરફ આવી રહ્યા હતા, તે સમયે અમે તેમની સમક્ષ પહોંચ્યા. અને વંદન કરીને 'ઓમ્ નમો નારાયણ' કહ્યું તેમણે પણ 'ઓમ્ નારાયણ' કહીને અમારા અભિવાદનનો પ્રસન્નવદને પ્રતિભાવ આપ્યો.

અમે અમારો થોડો પરિચય આપ્યો, અને અનુકૂળ હોય તો સ્વામીજી સાથે થોડીવાર સત્સંગ ભાવે બેસવાની અમારી ઇચ્છા વ્યક્ત કરી. સ્વામીજી શિલા પર બેઠા. સાથે અમે પણ બેઠા. મારી સાથે મારા બીજા બે મિત્રો હતા. એમ અમારી ચારની મંડળી રચાઇ.

ગંગાનો કિનારો છે. મોટા અવાજ સાથે ગંગાજી અહીંથી પસાર થાય છે. બાજુમાં ત્રણ ધોધ છે—સૂર્યધોધ, ચંદ્રધોધ અને કેદાર ધોધ. આ ત્રણેય ધોધનો ધીર ગંભીર નાદ પણ અહીં સુધી પહોંચી રહ્યો છે. ગંગાજીના આ કિનારે ઊંચા વૃક્ષો પણ ખૂબ છે. મોટા ભાગનાં વૃક્ષો દેવદારકૂળનાં છે. અમે જે શિલા પર બેઠા છીએ તેની પર સૂર્યનો તડકો આવે છે. આ હિમાલયનો મીઠો તડકો છે. તડકાનો જે અર્થ ગુજરાતમાં થાય છે, તે જ અર્થ હિમાલયમાં થતો નથી. ગુજરાતમાં તડકો એટલે ભાલાની અણી, અને હિમાલયમાં તડકો એટલે માનો હેતાળ હાથ!

હવે અમે મૂળ વાત પર આવ્યા. મેં સ્વામીજીને પ્રશ્ન પૂછ્યો, ‘‘સ્વામીજી, અધ્યાત્મસાધનનું કેન્દ્રસ્થ તત્ત્વ શું છે?’’

મનભાવન પ્રશ્ન પૂછવાથી વક્તા કોળી ઊઠે, તેમ સ્વામીજી કોળી ઊઠ્યા. તેમના મુખમાંથી અસ્ખલિત વાક્ધારા શરૂ થઇ.

‘‘ચિંતન જ અધ્યાત્મસાધનનું કેન્દ્રસ્થ તત્ત્વ છે. નિર્ગુણ બ્રહ્મના ઉપાસકો બ્રહ્મચિંતન કે આત્મચિંતન કરે છે. તેઓ જ્ઞાનમાર્ગી ગણાય છે. સહાયક સાધનો અનેક હોઇ શકે છે, પણ ‘બ્રહ્મચિંતન’ તો જ્ઞાનમાર્ગની પ્રધાન સાધના છે. સગુણ સાકાર પરમાત્માના ઉપાસકો ભગવાનના સગુણસાકાર



સ્વરૂપનું ધ્યાન, ચિંતન, સ્મરણ કરે છે. તેઓ ભક્તિમાર્ગના પથિકો છે, અને ભક્તો ગણાય છે. ભલે, તેઓ ભગવાનના સગુણ સાકાર રૂપની ઉપાસના કરે છે, પરંતુ આખરે તો પોતાના ઇષ્ટદેવના સ્વરૂપનું ચિંતન એ જ તો તેમની કેન્દ્રસ્થ સાધના છે. નામજપ, પાઠ, પૂજા આદિ સાધનોનું અનુષ્ઠાન તેઓ કરે છે, પરંતુ તેમની સાધનાનું કેન્દ્રસ્થ તત્ત્વ તો ભગવત સ્વરૂપનું ચિંતન છે.

‘‘નિર્ગુણ અને સગુણ, બંને તેનાં જ સ્વરૂપો છે અને તેનાં સ્વરૂપોનું ચિંતન કરવું તે જ કેન્દ્રસ્થ સાધના છે.’’

મારા પ્રશ્નોનો ઉત્તર તો અહીં પૂરો થયો, પરંતુ પ્રશ્ન તો મેં સત્સંગનો પ્રારંભ કરવા માટે પૂછ્યો હતો. સ્વામીજીની વાક્ધારા ચાલુ રહી.

‘‘અરે, ભૈયા! અખંડ આત્મચિંતન કરો. આ જગત તો મિથ્યા છે. આત્મચિંતન એ જ આપણું એક માત્ર કર્તવ્ય છે. જેઓ આત્મચિંતનના પ્રધાન કર્તવ્યને સમજી શકતા નથી, તેને માટે અન્ય કર્તવ્ય છે. કર્તવ્યની ધારણા જ અજ્ઞાન અને તજ્જન્ય આસક્તિ પર પ્રતિષ્ઠિત છે. જેઓ જીવન પ્રત્યે જાગૃત થયા છે, તેમના માટે તો એક જ કર્તવ્ય છે—આત્મ-ચિંતન કે ભગવત્ ચિંતન.’’

‘‘આ શરીર, આ શરીરના સંબંધીઓ, ધન, માન, પદ, પ્રતિષ્ઠા આ બધું આપણી અવિદ્યા ગ્રંથી પર પ્રતિષ્ઠિત છે, તેથી સર્વથા મિથ્યા છે. આ માયાની જાળમાંથી બહાર નીકળવાનો એક જ માર્ગ છે—માયાપતિ પરમાત્માનું અખંડ ચિંતન.’’

આટલું કહીને સ્વામીજી શાંત થઇ ગયા; તેમના સહજ સ્વાભાવિક મૌનમાં બેસી ગયા.

સ્વામીજી વિદ્વાન તો છે જ, પરંતુ તેમની વાણી અને તેમના વ્યવહારમાં વિદ્વતાની છાપ પડતી નથી, કારણકે સ્વામીજી મૂલતઃ સાધક છે, સત્યના શોધક છે. શાસ્ત્રાભ્યાસ તો તેમણે અધ્યાત્મ સાધનના એક સહયોગી સાધન તરીકે કર્યો છે. આમ હોવાથી વિદ્વતા સ્વામીજીના જીવનમાં મહત્ત્વનું સ્થાન પ્રાપ્ત કરી શકી નથી, તેમનામાં રહેલો સાધક તેમની વિદ્વતાથી દબાઈ ગયો નથી. જેઓ વિદ્વાન હોય છતાં, વિદ્વતાને ગૌણ રાખી શકે, તેવા સાધક વંદનના અધિકારી છે. સ્વામીજી આવા વંદનના અધિકારી સાધક છે.

સ્વામીજી તો મૌન થઈ ગયા, પરંતુ અમારે તેમના મુખની સત્સંગ સુધાનું પાન કરવું હતું. મેં સ્વામીજીને પૂછ્યું,

"સ્વામીજી, અધ્યાત્મવિદ્યાનો કયો ગ્રંથ આપને સૌથી વધુ પ્રિય લાગે છે?"

સ્વામીજીએ વિચારીને નહિ, સહજ સ્વાભાવિક રીતે જ પ્રત્યુત્તર આપ્યો,

"સૌથી પ્રિય તો પરમ પ્રેમાસ્પદ પ્રભુ છે. ગ્રંથોમાં પ્રિયતા–અપ્રિયતા શું રાખવી? આમ છતાં શ્રીમદ્ ભાગવત મને બહુ ગમે છે."

મેં સ્વામીજીને વિનંતી કરી,

"સ્વામીજી, શ્રીમદ્ ભાગવતનો કોઈ એક પ્રસંગ, તેના આધ્યાત્મિક રહસ્યાર્થ સહિત આપ અમને સમજાવવાની કૃપા કરો."

અમે ચારે જણ કાળમીંઢ પથ્થરની એક મોટી શિલા પર, કંઈક જ પાથર્યા વિના બેઠા હતા. સ્વામીજીએ પોતાનું પ્રિય આસન સિદ્ધાસન ધારણ કર્યું. ટટ્ટાર બેઠા. અમે ત્રણે પણ



સ્વામીજીની સન્મુખ વ્યવસ્થિત રીતે બેઠા. સ્વામીજી કાંઈક લાંબો વાર્તાલાપ આપવા ધારે છે, તેમ અમને લાગ્યું, અમારી તો એ જ ઈચ્છા હતી. અમે પણ શ્રવણભક્તિ માટે તત્પર બન્યા.

સૌથી પ્રથમ સ્વામીજી શ્રીમદ્ ભાગવતનો પ્રથમ શ્લોક, મંગલાચરણનો શ્લોક બોલ્યા, 'જન્માધસ્ય યતો......'

તેમના શુદ્ધ ઉચ્ચારો, મધુર કંઠ અને પાઠ કરવાની પદ્ધતિ પરથી લાગ્યું કે સ્વામીજીએ શ્રીમદ્ ભાગવતના ઘણાં આવર્તનો કર્યા છે, અને આ આવર્તનો સમજી સમજીને કર્યા છે, યંત્રવત્ નહિ.

સ્વામીજીએ અમને શ્રીમદ્ ભાગવતના એકાદશ સ્કંધમાં વર્ણવેલ અવધૂતઉપાખ્યાનની કથા કહી. ભગવાન દત્તાત્રેયે ચોવીશ ગુરુ કર્યાની કથા છે. આ ચોવીશ ગુરુની આધ્યાત્મિક વ્યંજના શું છે, તેની વિશદ સમજણ પણ તેમણે આપી. તેમણે કથાનો મર્મ સમજાવતાં અમને કહ્યું,

"સમગ્ર અસ્તિત્વ આપણને કાંઈકને કાંઈક શીખવી રહ્યું છે. આપણી પાસે શિષ્યની દૃષ્ટિ હોય તો આ આખી સૃષ્ટિ આપણા માટે ગુરુ બની શકે તેમ છે. દત્તાત્રેય ભગવાને ચોવીશ ગુરુ ધારણ કર્યા, તે તો સાંકેતિક છે. આ કથાનો સંદેશ એવો છે કે આપણે આ સૃષ્ટિ પાસેથી સતત શીખતા રહીએ તો વિકસતા રહીએ, અને શીખતા રહેવું, વિકસતા રહેવું તે જ તો શિષ્યત્વની ચાવી છે."

અમને લાગ્યું કે સ્વામીજી પાસે મર્મભેદી દૃષ્ટિ છે, અને તેથી જ તેઓ વસ્તુના હાર્દને પકડી શકે છે. તેમની અભિ-વ્યક્તિની શૈલી પણ માર્મિક અને ચોટદાર છે. આમ હોવાનું

કારણ એ છે કે સ્વામીજીએ શ્રીમદ્ ભાગવતનો અભ્યાસ પંડિતની દૃષ્ટિથી નહિ, પરંતુ સાધકની દૃષ્ટિથી કર્યો છે.

પોતાનું વક્તવ્ય પૂરું કરીને સમાપન કરતાં સ્વામીજીએ પોતાનું પ્રિય વિધાન—ધ્રુવવાક્ય કહ્યું,

"આ જગત મિથ્યા છે, ભૈયા! અખંડ ચિંતન કરો, અખંડ આત્મચિંતન કરો. બસ, આ જ માનવનું એક માત્ર કર્તવ્ય છે, પરમ કર્તવ્ય છે."

સ્વામીજી હવે પોતાની ગુફાએ જવા માટે તૈયાર થયા. અમારી ઈચ્છા સ્વામીજીની ગુફાનાં દર્શન કરવાની છે. સ્વામીજી સાથે સત્સંગને નાતે હવે એક સંબંધ પણ જોડાયો છે. અમે સ્વામીજીને પૂછ્યું, "સ્વામીજી, આપને કષ્ટ ન થાય તો અમારી ઈચ્છા આપની ગુફાનાં દર્શન કરવાની છે." સ્વામીજીએ સંમતિ દર્શાવી, અને અમે સૌ નીકળ્યા, સ્વામીજી આગળ અને અમે ત્રણે મિત્રો સ્વામીજીની પાછળ ચાલ્યા. સ્વામીજીની ગુફા સુધી પહોંચવા માટે અમારે ગંગામૈયાને ઓળંગીને સામે કિનારે જવાની જરૂર પડી. સૂર્યકુંડ અને ચંદ્રકુંડ પાસે ગંગાજી ધોધરૂપે નીચે કૂદકો મારે છે. આ વિસ્તારમાં ગંગાજીનો પ્રવાહ ખૂબ સાંકડો અને ઘણો ઊંડો બની જાય છે. આ સ્થાન પર એક નાનો અને સાવ સાંકડો પુલ બનાવેલો છે. સ્વામીજીની પાછળ પાછળ ચાલતાં અમે આ પુલ દ્વારા ગંગાજી પાર કરીને સામે કિનારે પહોંચ્યા. ગંગાજીનો પ્રવાહ પાર કરીને સામે કિનારે પહોંચીએ તે જ સ્થાનેથી એક નાની પગવાટ ગંગાને કિનારે કિનારે જાય છે. અમે લગભગ ગંગાની ભેખડ પર જ ચાલી રહ્યા છીએ. થોડા આગળ વધીને અમે ગંગાજીની ઊંચી ભેખડ અને ગંગાજીના



પ્રવાહની વચ્ચેની એક સાંકડી જગ્યામાં પહોંચ્યા. અમે જોયું કે સામે જ એક નાની ગુફાનું દ્વાર છે. આ ગુફા એવા સ્થાન પર છે કે ગંગાજીની ભેખડમાં જ તે બનેલી છે. ગુફાનું દ્વાર ગંગાજી તરફ છે. ગુફાના દ્વાર પર બેસીને નીચે વહેતાં ગંગાજીના પ્રવાહનાં દર્શન થઈ શકે છે. ગુફામાં જ બેસીને બાલટી અને દોરી વડે ગંગાનું પાણી સિંચી શકાય તેવી સ્થિતિ છે.

અમે સાંભળ્યું છે કે ગંગોત્રી અને આજુબાજુના વિસ્તારમાં પચાસ જેટલી ગુફાઓ છે. આમાંની ઘણી ગુફાઓમાં સાધુઓ રહે છે, અને તેમાંના ઘણા તો શિયાળામાં પણ અહીં જ રહે છે. આ ગુફાઓમાંથી ઘણી ગુફાઓ તો ગંગા કિનારાની ભેખડ એવી રીતે બનેલી છે કે ભેખડમાંની આ ગુફા ગંગાના પ્રવાહની ઉપર જ હોય છે. ગુફામાં બેસી ગંગા દર્શન પણ થઈ શકે, અને ગુફાના દ્વાર પર બેઠા બેઠા ગંગાજીનું પાણી પણ સિંચી શકાય છે. સ્વામીજીની ગુફા પણ આવી જ ગુફા છે.

અમે ગુફામાં પ્રવેશ્યા. લગભગ બારેક ફૂટ લાંબી અને તેટલી જ પહોળી આ ગુફા છે. આખી ગુફામાં સૂકવણી કરેલું ઝીણું મૂલાયમ ઘાસ પાથરેલું છે. આ ઘાસ પર કંતાનનો એક મોટો ટૂકડો પાથરેલો છે. આ છે સ્વામીજીની પથારી અને આ જ છે સ્વામીજીનું ભોજન માટેનું આસન. ઓઢવા માટે સ્વામીજી પાસે એક સુતરાઉ ચાદર છે. બસ, આટલાથી સ્વામીજીનું કામ ચાલે છે. સ્વામીજી દશનામી સંન્યાસ પરંપરાના, શાંકરમતાનુયાયી પરમહંસ સંન્યાસી છે, તેથી તેઓ અગ્નિનો સ્પર્શ કરી શકે નહિ. તેઓ ધૂણો રાખી શકે નહિ, અને જાતે રસોઈ પણ બનાવી ન શકે—આવી સંન્યાસ પરંપરાની શિસ્ત છે. આમ હોવાથી ગુફામાં ધૂણો, સ્ટવ કે

અગ્નિ પ્રગટાવવાનાં અન્ય કોઇ ઉપકરણો નથી. સ્વામીજી પાસે ફાનસ, મીણબત્તી તો નથી જ, પણ દિવાસળીની પેટી પણ નથી. આત્મચિંતનમાં તલ્લીન રહેતા આ સાધુ દિવસમાં એકવાર દંડી બાબાના આશ્રમ પર ભિક્ષા માટે આવે છે. આ સિવાય તેમનો અન્ય કોઇ સાથે કોઇ સંપર્ક નથી.

સ્વામીજીની ગુફામાં બેસતાં જ અમને અનુભાવાયું કે કોઇ સાચા અધ્યાત્મ પુરુષની ગુફા છે. હિમાલયના કોઇ તપસ્વી સંતની ગુફા કેવી હોય, તેનું આધ્યાત્મિક વાતાવરણ કેવું હોય તેનું એક જીવતું જાગતું દૃષ્ટાંત અમને જોવા અનુભવવા મળ્યું.

સ્વામીજી પાસે ચા, દૂધ, કોફી, ફળાહાર, ભોજન આદિ માટે કોઇ વ્યવસ્થા નથી. અહીં સાધનભજનની અનુકૂળતા છે, અને તેથી સંનિષ્ઠ સાધક માટે અહીં ઘણી અનુકૂળતા છે, પરંતુ તે સિવાયના બધા માટે ઘણી પ્રતિકૂળતા છે.

અસાધકોને આવા અનેક પ્રશ્નો થઇ શકેઃ—

વરસાદ પડે તો ભિક્ષા લેવા કેવી રીતે જવું? છત્રી તો છે નહિ. બહુ ઠંડી પડે તો શું કરવું? ધૂણો પણ નથી, અને ગરમ કપડાં પણ નથી. બીમાર પડીએ તો શું થાય? અહીં દવા પણ નથી અને ડોક્ટર પણ નથી. કોઇ ઝેરી જાનવર ગુફામાં આવી ચડે તો? કોઇ જંગલી જાનવર આવે તો? રક્ષણની કોઇ વ્યવસ્થા તો છે નહિ, ગુફાને બારણું જ નથી.

પણ જેઓ સંનિષ્ઠ સાધકો છે, જેમણે પરમાત્માની પ્રાપ્તિ માટે પોતાના જીવનને હોડમાં મુક્યું છે, તેમને આવા કોઇ પ્રશ્નો થતા નથી કારણકે તેમની પાસે બધા પ્રશ્નોનો એક ઉત્તર છે, બધી સમસ્યાઓનું એક નિરાકરણ છે—કોઇ હોય કે ન હોય, કશું હોય કે નહોય, ભગવાન તો છે જ. ભગવાન છે તો બધું છે, અને ભગવાન નથી તો કશું નથી.



બધું મળે અને ભગવાન ન મળે તો કાંઇ જ મળ્યું નથી, અને ભગવાન મળે અને બીજું કાંઇ પણ ન મળે તો પણ બધું જ મળ્યું છે—આવી જેમની દૃઢ પ્રતીતિ છે, તેમના માટે ગુફા રાજમહેલથી અધિક છે, અને મૃગચર્મ સમ્રાટના સુવર્ણ સિંહાસનથી પણ અધિક છે.

અમને લાગ્યું કે અમે સ્વામીજીનો ઘણો સમય લીધો છે, હવે અમારે જવું જોઇએ. અમે સ્વામીજી પાસે જવાની આજ્ઞા માગી. સ્વામીજી પાસે તો પ્રત્યેક પ્રશ્ન માટે સાર્વભૌમ ઉત્તર 'હરિ ૐ' જ છે. અમારામાંના એક મિત્રે સ્વામીજીને સ્વામીજીને આપવા માટે ખિસ્સામાંથી થોડી નોટો કાઢી. જોઇને જ સ્વામીજીએ કહ્યું, ''રહેવા દો, ભાઇ! તેમને તો હું સ્પર્શ કરતો નથી.'' સ્વામીજી ધનનો સ્પર્શ જ કરતા નથી એટલે તેમને ધનનો આગ્રહ કરાય જ નહિ.

અમે વિચાર્યું કે આપણે સ્વામીજીને આવશ્યક એવી કોઇ વસ્તુઓ લાવી દઇએ. હરિકેન, એકાદ ગરમ ધાબળો, દૂધના પાવડરનો ડબ્બો કે એવી કોઇ ઉપયોગી ચીજો સ્વામીજીને આપીએ. પણ આ બધી વસ્તુઓ માટે સ્વામીજીનો એક જ ઉત્તર હતો, ''આવી કોઇ ચીજની અહીં જરાપણ જરૂર નથી, અને અનાવશ્યક ચીજો રાખવાની ઝંઝટમાં હું શા માટે ફસાઉં?''

આખરે અમે સ્વામીજીને જ પૂછ્યું,

''સ્વામીજી, આપને ઉપયોગી એવી કોઇ ચીજ આપ જ કહો, જે અમે આપના માટે લાવીએ.''

આખરે સ્વામીજીએ કહ્યું, ''જો શક્ય હોય તો ગીતાપ્રેસ દ્વારા પ્રકાશિત શ્રીમદ્ ભાગવતની એક પ્રત આપ મારા માટે મોકલજો.''

સ્વામીજીની પસંદગી દ્વારા તેમના ચિત્તની અવસ્થા અને તેમના જીવનનું સ્વરૂપ અભિવ્યક્ત થાય છે. હું જાણતો હતો કે ગીતાપ્રેસનું શ્રીમદ્ ભાગવત તે દિવસોમાં, બધી પ્રતો વેચાઇ જવાથી, ઉપલબ્ધ હતું નહિ. જે વસ્તુ મળતી નથી તે વસ્તુ અમે મોકલશું, તેવું વચન આપવું કેમ? અમે સ્વામીજીને આ પરિસ્થિતિની જાણ કરી. તેમણે કહ્યું, ''કશો વાંધો નહી, ભૈયા! જ્યારે જે વસ્તુની ખરેખર જરૂર હશે તે વસ્તુ ભગવાન જ મોકલી આપશે. આપણે શા માટે નાહક ચિંતા કરવી?''

''આમ છતાં અમે આ પુસ્તક માટે પ્રયત્ન કરશું અને મળી શકશે તો દંડીબાબાના આશ્રમમાં આપને મળે તેવી નોંધ સાથે મોકલી આપશું'' આટલું અમે સ્વામીજીને કહ્યું. સ્વામીજીને પ્રણામ કરી, તેમની આજ્ઞા લઇને અમે વિદાય લીધી.

અમારું મન પ્રસન્નતાથી ભરાઇ ગયું છે. એક સંતના દર્શનનો આનંદ છે. એક સંત સાથે સત્સંગ થયાની પ્રસન્નતા છે. સ્વામીજીની ગુફાનાં દર્શન કરીને અમે એક તીર્થનાં દર્શન કર્યા, તેમ અમને લાગ્યું, અને તેનો અમને સંતોષ પણ છે.

આ દેશમાં, આ ભારતવર્ષમાં આજે પણ એકલદોકલ નહિ, અનેક સંતો વસે છે. અનેક સાધકો સાધનરત છે, અનેક તપસ્વીઓ તપશ્ચર્યામાં તલ્લીન થયેલા છે. બહુ રત્ના વસુંધરા. જો આ પૃથ્વી પર સંતો હોય જ નહિ તો પૃથ્વી ટકે કોને આધારે?

✡



# સદ્ભાવના

ડૉ. કાલિદાસ પ્રજાપતિ

આજે સમગ્ર વિશ્વમાં જે વિભિન્ન સમસ્યાઓ છે. પ્રશ્નો છે તેનું પ્રતિબિંબ પ્રચાર અને પ્રસારનાં માધ્યમોમાં જોવા મળે છે. આપણે પ્રશ્નોને જેટલા સમજીએ છીએ તે કરતાં ઘણા ગંભીર છે. માનવ માનવ વચ્ચે જે વિસંવાદિતાના સૂર પ્રગટ્યા છે તે દુઃખદાયી છે. માનવ વ્યવહારનો પડઘો પ્રકૃતિનાં તત્ત્વો ઉપર પણ પડે છે. તેથી સમગ્ર માનવજાતને બચાવવી હશે, તો જીવનમાં સંવાદિતાની સ્થાપના કરવી પડશે.

ઓરકેસ્ટ્રામાંથી ઊઠતા વિભિન્ન વાજિંત્રોનાં સૂરો જ્યારે લયબદ્ધ બનીને એકત્વ સાધે છે તો પ્રેક્ષકોનાં દિલ જીતી લે છે પણ જો એ સ્વરોમાં વિસંવાદિતા પ્રગટે તો કોલાહલ, ઘોંઘાટ બને અને તેને પરિણામે શ્રોતાઓ પ્રેક્ષકો તેનાથી વિમુખ બને. પ્રકૃતિનાં સૌંદર્યમાં સંવાદિતા છે. મેઘધનુષ્યના રંગો, ઉદ્યાનો-માં ઉડતાં પતંગિયાં, વૈવિધ્યસભર રૂપ રંગ અને ખુશ્બુ ધરાવતાં પુષ્પો, ઝરણાં, વનરાજિ વગેરેમાં સંવાદિતા છે. એટલે તો આપણા ઋષિમુનિઓએ, સાધુસંતોએ પ્રકૃતિના સાન્નિધ્યમાં રહેવાનું પસંદ કર્યું હતું.

આજના માનવમનમાં ઊઠતી અનેકવિધ કામનાઓ, આશાઓ, અપેક્ષાઓ, આકાંક્ષાઓ અને મહત્ત્વાકાંક્ષાઓએ માનવના જીવનમાં ઉત્પાત સર્જ્યો છે. આ સૌને સાકાર કરવામાં તેણે નૈતિક મૂલ્યો, માનવ મૂલ્યોને નજર સમક્ષ રાખીને કાર્ય વ્યવહાર કર્યો હોત તો આજે જે પ્રશ્નો છે તે ન

સર્જાત. પણ ઝડપથી ધ્યેયસિદ્ધિએ પહોંચવા તેણે તમામ રસ્તાઓ અપનાવ્યા છે. તેમાંયે આજના રાજકારણીઓએ તો તેનું બિહામણું સ્વરૂપ આપણી સમક્ષ રજૂ કર્યું છે.

આજે માનવના જીવન વ્યવહારમાં સંવાદિતા નથી. તેના હેડ, હાર્ટ અને હેન્ડ અર્થાત્ મસ્તિષ્ક, હૃદય અને હસ્તોમાં એકવાક્યતા નથી. આનું પરિણામ એ આવ્યું છે કે માનવ પોતે જ સ્વસ્થ રહી શકતો નથી. અશાંતિની શરૂઆત તે સ્વયંના જીવનથી કરે છે. તેની વૃત્તિઓ ચંચળ બને છે. તેના ઉપર તેનું નિયમન નથી. તેના પરિણામે સર્જાય છે તનાવ, તનાવયુક્ત જીવનમાં વિશિષ્ટ સિદ્ધિઓ સાંપડી શકતી નથી.

માનવ માનવ વચ્ચે સંવાદિતા સર્જાય તેવા વાતાવરણની, વાયુમંડલની આજે જરૂર છે, દેહ આધારિત ધર્મોને બદલે આત્માના ધર્મને જાણીને આત્મિકસ્થિતિમાં રહેવાથી ઘણી બધી સમસ્યાઓનો અંત આવે છે. વિશ્વબંધુત્વની ભાવના અને પ્રેમમાં સમષ્ટિનું કલ્યાણ સમાયેલું છે. પણ તે માટે માનવે સંકુચિત સ્વાર્થ, ટૂંકી દૃષ્ટિની રાજનીતિ, નૈતિક મૂલ્યોનાં સ્ખલનને રોકવાં પડશે. માનવની લાગણીઓ, ભાવનાઓને સર્જનાત્મક માર્ગે વાળવી પડશે. આઝાદીની ક્રાંતિ પછી રાષ્ટ્રનવનિર્માણ માટેની રચનાત્મક વિચારધારાની ક્રાંતિ થઈ ના શકી તેથી જ આજે વિસંવાદિતા સર્જાઈ છે. રાષ્ટ્રહિત કરતાં પક્ષહિત જોવાની દૃષ્ટિ પ્રાથમિકતા ધરાવે છે. જે રીતે આપણને સ્વતંત્ર રીતે, મુક્ત રીતે જીવવાનો અધિકાર છે તેવી રીતે બીજાને પણ છે. તેથી ‘જીવો અને જીવવા દો’ના સૂત્રને જીવનમાં ધારણ કરવું પડશે.

સમાજમાં ભૌતિકવાદની, સત્તાવાદની જે આંધળી પ્રતિષ્ઠા



થઈ રહી છે તેના બદલે સમાજમાં જે વિવિધ વિદ્યાશાખાઓ, કલા, સાહિત્ય, વિજ્ઞાન, વિજ્ઞાન, વાણિજ્ય વગેરેની વિશિષ્ટ વ્યક્તિઓની પ્રતિભાને વિકસાવીને બીનરાજકીય દૃષ્ટિકોણથી આ શક્તિઓનો ઉપયોગ કરવો પડશે. પણ દુઃખની વાત એ છે કે શિક્ષણ જેવા પવિત્ર કાર્યમાં, સત્તાની નિમણૂંકોમાં પણ રાજકારણ વચ્ચે આવે છે. આમ જે ક્ષેત્રો તટસ્થ, નિષ્પક્ષ રહેવાં જોઈએ તેમાં રાજકારણ ઘૂસાડીને આપણે પોતાના પગ ઉપર જ કુહાડી મારી છે.

સામાન્ય માનવ તો પોતાના રોજબરોજના પ્રશ્નોમાં, જીવનનિર્વાહની ચિંતામાં એટલો અટલાયેલો રહે છે કે તેને લડાઈ ઝઘડા માટે સમય નથી, રસ નથી, ધર્મને તો તેણે જીવન સાથે વણી લીધો છે. વિવિધ તહેવારોમાં પોતાના શુદ્ધ આચરણ દ્વારા તે પ્રભુનું સાન્નિધ્ય ઝંખે છે. પણ વિભિન્ન વર્ગના નેતાઓ આવા સામાન્ય માનવોની લાગણીઓ સાથે ખેલીને તેને વિનાશકારી પ્રવૃત્તિઓમાં સામેલ કરે છે. આજે કોમ કોમ વચ્ચે, ધર્મ ધર્મ વચ્ચે, વિભિન્ન વર્ગો વચ્ચે સંવાદિતાની જરૂર છે. ભૂલી જાઓ, માફ કરોની નીતિ અપનાવી, ક્ષમાભાવ, સહિષ્ણુતા કેળવી માનવો વચ્ચે આત્મવિશ્વાસ, પ્રેમ, એકતા, બંધુતા સ્થાપવાની આજે જરૂર છે. શક્ય હોય તેવા તમામ રચનાત્મક પ્રયાસો દ્વારા સંવાદિતા સર્જવી તે આજનો યુગધર્મ છે. જો સંવાદિતા સર્જાશે તો સદ્ભાવનાનાં પુષ્પોની સૌરભ સમગ્ર વિશ્વ માણી શકશે.

પૂ. મા શ્રી સર્વેશ્વરીના સાન્નિધ્યમાં

# નેત્રયજ્ઞ, અનાજ વિતરણ અને વસ્ત્ર વિતરણના સેવાયજ્ઞો

રાજુભાઈ જાની
નારાયણ જાની

(૧)

પ. પૂ. માની સ્વર્ગારોહણમાં ઉપસ્થિતિ જ અનેક સત્કર્મો ને સેવાયજ્ઞોનું નિમિત્ત બની રહે છે. તે પ્રમાણે પૂ. મા આ વર્ષે ૧૭ ડીસે. સ્વર્ગારોહણ પધાર્યાં કે તુરત જ તા. ૧૯ ડીસેમ્બરથી નેત્રયજ્ઞનો પ્રારંભ થઈ ગયો.

અંબાજી આસપાસના દૂર દૂરના છૂટા છવાયા ઝૂંપડાંઓમાં વસતા અભણ લોકોમાં સ્વર્ગારોહણ તેમ જ પૂ. મા સર્વેશ્વરીના નામે એવી તો શ્રદ્ધા પ્રકટાવી છે કે તેઓ તેના કોઈ પણ કાર્યક્રમમાં વિના સંકોચ સહકાર આપવા તૈયાર થઈ જાય છે. તેઓ જાણે છે કે કેવળ તેઓના ભલા માટે જ અહીં પ્રવૃત્તિઓ થતી રહે છે. એથી નેત્રયજ્ઞનું નામ સાંભળતાં જ આંખોની બિમારીવાળી ૧૧૦૦ જેટલી વ્યક્તિઓ વહેલી સવારથી જ હાજર થઈ ગઈ.

આમાંથી ૧૬૮ જેટલી વ્યક્તિઓને આંખના મોતીયાના ઓપરેશન માટે તારવવામાં આવી. ૭૦૦ જેટલાં ભાઈબેનોને બેતાળાના ચશ્માનું વિતરણ કરાયું. બાકીનાઓને આંખની દવા વગેરે આપવામાં આવી. આ બધું જ વિનામૂલ્યે કરાયું.

તા. ૨૦ અને ૨૧ ડીસે. ૧૩૫ દર્દીઓને અંબાજીની



કોટેજ હોસ્પીટલમાં મોતિયાનાં ઓપરેશન કરવામાં આવ્યાં. બે દિવસ રાખી જતી વેળાએ સ્વર્ગારોહણની પ્રસ્થાપિત પ્રણાલિ પ્રમાણે તેમને પ્રસાદ સાથે સ્ટીલના થાળી, ગ્લાસ ને વાટકીના સેટ આપવામાં આવ્યા. આ ઉપરાંત રોટરી ટ્રસ્ટી ડૉ. હરીશ દેસાઈ તરફથી દરેક દર્દીને ગામ પહોંચવા માટે રૂા. ૨૦/– આપવામાં આવ્યા.

આમ પૂ. માના દીપપ્રાગટ્યથી પ્રારંભાયેલ એક સરસ સેવાયજ્ઞ પૂ. મા અને ગુરુદેવ પ્રભુની કૃપાથી સંપન્ન થયો.

આ સેવાયજ્ઞના આયોજન ખર્ચમાં આર્થિક સહયોગ પ્રજાપતિ એસોસીએશન–રગ્બી (યુ.કે.) તરફથી પ્રાપ્ત થયો, તો સર્જરી અને નિદાન માટેનો સહયોગ, રોટરી આઈ ઈન્સ્ટીટ્યુટ નવસારીએ ધર્યો. આ યજ્ઞમાં મહત્ત્વનો ભાગ સ્વર્ગારોહણ દાંતા રોડ, અંબાજીએ એ રીતે ભજવ્યો કે દર્દીઓને ગામડાંઓમાંથી એકત્રિત કરી, ઓપરેશન પછીની સારસંભાળની બધી જ સેવા મા શ્રી સર્વેશ્વરીના ભક્તોએ આપી.

આ બધા દર્દીઓ જીવરૂપે શિવ જ છે, એ ભાવ જ આ સેવામાં સતત છતો થતો જોવા મળ્યો. એટલે દર્દી ભલેને ગમે તેવો મેલો ઘેલો હોય, છતાં અહીં તેનું ભગવદ્‌ભાવે સ્વાગત થયું. અહીંના સેવકોને મન આ દર્દી નારાયણો જ છે, તેથી તો તેમની સેવા કરતાં કોઈએ છોચ કે સૂગ ના અનુભવી. પ્રભુને કેવી સેવા ગમે તેના પાઠ પૂ. મા આ સેવા કરાવી ભણાવે છે. એટલે જ તો દૃષ્ટિ પામનારા આ દેવો પૂ. માને ખૂબ ખૂબ આદરથી જુએ છે ને તેમના નામનો જયઘોષ કરે છે.

## (૨) અન્ન વિતરણ

પરદેશ અને ભારતમાં વસતા પૂ. મા—પ્રભુના કેટલાય ભક્તો પૂ. માને કહેતા રહે છે કે હે મા, અમને સત્કર્મ કરવાની તક આપતાં રહેજો.

પૂ. માનો આવા ભક્તોને એક જ જવાબ રહે છે કે જો જાતે આવવાના હોવ તો ઘણા બધા સત્કર્મો માટેનો સ્વર્ગા-રોહણમાં અવકાશ છે. તો પૂ. માએ આ વર્ષે વિદેશના અને ભારતના કેટલાક ભક્તોને આ લાભ આપી બે મોટાં સત્કર્મો તા. ૨૪ અને ૨૫ ડીસે. કરાવ્યાં. તેમાં ૫૦૦ વિધવા, અનાથ, અપંગ પરિવારોને અનાજ વગેરેની સહાય તો નાની શાળામાં ભણતાં આદિવાસી ૫૦૦ છોકરા છોકરીઓને સ્વેટરો વગેરે પહેરાવવાની મદદનો સમાવેશ થાય છે.

આ સેવાયજ્ઞમાં વિધવા, અનાથ, અપંગ પરિવારોને શ્રી અંબુભાઇ લાડ પરિવાર તરફથી અનાજમાં ૨૦ કી. બાજરી, ૫ કિલો મગ, શ્રી પ્રભુભાઇ રૂક્ષ્મણિબેન તરફથી ગરમ ધાબળા, શ્રી રાજુભાઇ શાહ અને જ્યોત્સ્નાબેન તરફથી શેત્રંજી, કથરોટ ને પ્રસાદ શ્રી ધીરજબેન અને નરેન્દ્રભાઇ તરફથી ટુવાલ અને શ્રી ગીતાબેન અને દમયંતીબેન ભક્ત તરફથી બીસ્કીટ વગેરે આપવામાં આવ્યાં હતાં.

શ્રી અરૂણભાઇ અને શોભનાબેન તરફથી આ લાભાર્થી-ઓને દરેકને રૂા. ૫૦/—ની આર્થિક સહાય પણ કરવામાં આવી.

## (૩)

૫૦૦ નાનાં બાળકોને વસ્ત્ર વિતરણ, સ્વેટર, ટોપી, દફતર, ટુવાલ, ગ્લાસ, ડીશ, પ્રસાદ અને બીસ્કીટ વહેંચાયાં.



તેમાં મળેલી સહાયની વિગત આ પ્રમાણે છે. સ્વેટરો શ્રી પ્રભુભાઇ ને રૂક્ષ્મણીબેન, ટોપી, દફતર ને ટુવાલ શ્રી શકુબેન, ગ્લાસ શ્રી અરૂણભાઇ, ડીશ શ્રી ધીરજબેન, પ્રસાદ શ્રી રાજુભાઇ અને બીસ્કીટો શ્રી ગીતાબેન અને દમયંતીબેન તરફથી આપવામાં આવ્યાં.

બધા જ દાતાઓના હસ્તે આ બધી વસ્તુઓનું વિતરણ પૂ. માએ કરાવ્યું. તેમાંના નાના યુવક—યુવતીઓને પૂ. માએ આ ગરીબો કેવી સ્થિતિમાં જીવે છે, તે પ્રત્યક્ષ જોવા તેમનાં અંદરનાં ગામોમાં પણ મોકલ્યા, જેથી તેઓને ખ્યાલ આવે કે તેઓ ખરે જ કેવાં ભાગ્યશાળી છે ને પ્રભુએ તેમને સરસ ઘરોમાં જન્મ આપી કેટલી બધી કૃપા તેમના પર કરી છે. વળી જેમને આ અનાજ અને વસ્ત્રો આપવામાં આવ્યાં છે, તે કેવાં સુપાત્ર છે. જરૂરતમંદ છે.

બાળકો આ બધું લેતા ખૂબ ખુશી થઇ જાય તે એમના મોઢા ઉપર દેખાય છે. અહીં ગરીબી એટલી બધી છે કે ભાગ્યે જ કોઇ બાળકના પગમાં ચંપલ કે સ્લીપર જોવા મળે. એ વાત સાચી કે આ બાળકો ઘણાં નાનાં છે, પરંતુ બીજાં અનેક બાળકો કરતાં અહીં આવી જે સ્વેટર વગેરે પામ્યાં છે તેથી તેમનું અહીંની ભારે ઠંડીમાં રક્ષણ જરૂરથી થશે. પૂ. માએ આ સ્થૂલ વસ્તુઓ દ્વારા એમના જીવનમાં પ્રવેશ કર્યો છે, એનું મૂલ્ય આજે ભલે તે સમજતાં ના હોય, પરંતુ કાળાન્તરે તેઓ થોડું તો સમજશે. ‘હે મા, જય મા’ના ધ્વનિનો પડઘો તેમના અંતરમાં જરૂરથી મુખરિત થશે.

અહીંની વિશેષતા એ છે કે પૂ. મા સારામાં સારી વસ્તુ આપે, ભગવદ્‌ભાવથી આપે, કશીય અપેક્ષા વગર આપે.

લેનારને નીચાપણું ના લાગે ને દેનારને તેનું કોઈ અહં ના જાગે તેનું પૂ. મા ખાસ ધ્યાન રાખે. એટલે જ દેનારને વંદન કરતાં કરતાં આપે. પૂ. માની આ રીતે સત્કર્મ કરવાની પ્રણાલિ ખરે જ ઉત્તમ તેમ જ આદર્શ છે. તેનાથી લેનાર અને દેનાર બન્નેના આત્માનો ઉત્કર્ષ જ થાય છે.

ઉત્તમ અધિકારી તે છે જેનામાં તત્ત્વપ્રાપ્તિની લગની હોય, અથવા જે વર્તમાનમાં જ તત્કાળ તત્ત્વપ્રાપ્તિ કરવા ઇચ્છે છે.

શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્ક્સ**

**ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ**

તેમ જ

**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**

મોદી બંગલા,ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ફોન : (૦૨૬૧) ૨૨૫૪૯૮૨, ૨૨૫૮૮૦૪



# સુવાક્ય

અનાસક્તિ એક અગ્નિ સમાન છે જે પૂર્વના સંસ્કારોની બંધનશક્તિને સળગાવી મૂકે છે. ત્યાગી માણસ સંસારનો ત્યાગ કરીને જે લાભ પ્રાપ્ત કરે છે, તે જ લાભ ગૃહસ્થ માણસ અનાસક્તિના અભ્યાસ દ્વારા મેળવે છે. ત્યાગી સંસારની બહાર રહીને સર્વોચ્ચ જ્ઞાન પ્રાપ્ત કરે છે. ગૃહસ્થ દુનિયામાં રહીને.

અનાસક્તિનો અર્થ ઉપેક્ષા કે પ્રેમનો અભાવ નથી. અનાસક્તિ અને પ્રેમ એક જ બાબત છે. અનાસક્તિ મુક્તિ આપે છે, પણ આસક્તિ બંધનમાં બાંધે છે.

★ ★ ★

જ્ઞાનની આખીએ શોધ અંદરની શોધ છે જો સમજાય જાય કે આપણે અંદરથી પૂર્ણ જ છીએ, ને તે અંગેની સભાનતા કાયમ રહે તો—શોધ પૂરી થઈ ગઈ સમજજો.

**— સ્વામી રામ.**